॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર
**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.7990945460
**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167, આનંદનગર, ભાવનગર-૫
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
ફોન : ૯૪૨૬૩૪૭૩૪૪
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com P.9428222357
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**
'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા
પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ 'અધ્યાત્મના અનસ્ત સૂર્ય' શ્રી યોગેશ્વરજીને પ્રણામાંજલિ ॥

'આ સૂર્ય કોઈ જુદા જ આકાશમાં ઝળહળે છે. એને નથી ઉદય, નથી અસ્ત. એ સૂર્યનું તેજ 'જુદેરો મુલક' જ બતાવે છે. જ્યાં પહોંચવા યુગોના યુગો ઓછા પડે તે સદ્‌ગુરુ !' આપણા માટે આવા મહિમાવંતા સદ્‌ગુરુ છે પરમ પૂજ્યશ્રી યોગેશ્વરજી.

પૂજ્યશ્રી યોગેશ્વરજી જેવા સંતો સર્વભાવે પરમાત્માને સમર્પિત થઈ જતા હોવાથી પોતાની પાસે પોતાનું કશું જ રાખતા નથી. તેઓને પોતાનું ઘર નથી હોતું કે નથી હોતું પોતાનું મંદિર ! સમગ્ર વિશ્વ તેમનું ઘર-મંદિર. અલબત્ત આવા 'નિર્વાસનિક' મહાત્મા જવલ્લે જ મળે. પણ આવા સંતોને જ પરમાત્મા પોતાનું 'યથાર્થ સ્વરૂપ' બતાવી દે છે, અરે ! બનાવી દે છે. આવા 'કૃપાપાત્ર સંતો' જ સમાજને સન્માર્ગે દોરી શકે.

આપણા પરમ સદ્‌ગુરુ આવા સમર્થ છે. કરોડોમાં એક-અનન્ય છે. તેઓશ્રીના શ્રીચરણકમળોમાં કોટિ કોટિ પ્રણામ પણ ઓછા પડે.

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## તા.૧૮ માર્ચ ૧૯૮૪

(પૂજ્યશ્રી યોગેશ્વરજીનો લીલાસંવરણદિન)

## ॥ પૂજ્યશ્રીના સૂક્ષ્મ સ્વરૂપનો પ્રાગટ્યદિન ॥

'પૂજ્યશ્રી આપણને છોડીને ક્યાંય ગયા નથી. સ્થૂળ દેહની મર્યાદાઓ ઓળંગી જઈને વધુ વ્યાપક અને સઘનરૂપે તેઓ પ્રગટ થયા છે. તેથી એક રીતે જોઈએ તો '૧૮ માર્ચ' એ તેઓશ્રીના 'સૂક્ષ્મ સ્વરૂપનો પ્રાગટ્યદિન' કહી શકાય.'

**—'મા'સર્વેશ્વરી**



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| શ્રીયોગેશ્વરકથામૃત | 'મા' સર્વેશ્વરી | ૭ |
| શ્રી યોગેશ્વરજીની સર્જકપ્રતિભા | શ્રી મહેન્દ્રકુમાર દેસાઈ | ૯ |
| શ્રી યોગેશ્વરજી : થોડાં સંસ્મરણો | શ્રી જયંત પાઠક | ૨૦ |
| શ્રી યોગેશ્વરજીનું પ્રભાવક વ્યક્તિત્વ | ડૉ. રણજિત પટેલ | ૨૪ |
| શ્રી યોગેશ્વરકૃત 'કૃષ્ણરુકિમણી' : રસાસ્વાદ | 'કુમાર' | ૨૯ |
| કાવ્યાંજલિ : 'પરમ પૂજ્યશ્રી યોગેશ્વરજીને' | 'અનામી' | ૩૯ |
| શ્રી યોગેશ્વરજીની જ્ઞાનગંગામાં અવગાહન | શ્રી મ. દેસાઈ | ૪૦ |
| શ્રી યોગેશ્વરજીની સંકલ્પસૃષ્ટિ : 'સ્વર્ગારોહણ' | શ્રી રાજીવ જાની | ૪૬ |
| 'અધ્યાત્મ'ની શહીદવંદના | | ૬૩ |

# નિવેદન : 'શાશ્વત ચૈતન્યને ઝીલવા સજગ ચેતના !'

'હું સ્થાનક ઊભું કરવામાં માનતો નથી. આપણી હયાતી બાદ એ સચવાયું કે નહીં એ કોણ જાણે છે ? આ શરીરથી જે કોઈ સારાં કામ થઈ શકે તે જીવીએ ત્યાંસુધી, છેલ્લો શ્વાસ લઈએ ત્યાંસુધી કરીએ.' આમ સ્પષ્ટ કહેનાર શ્રી યોગેશ્વરજીએ ખરેખર એમના છેલ્લા શ્વાસ સુધી ઈશ્વરનું કામ-મુંબઈના કાંદિવલીના લક્ષ્મીનારાયણ મંદિરના હૉલમાં 'શ્રીમદ્ ભાગવત' પર પ્રવચન આપવાનું કર્યું. એ અદ્ભુત, સારવાહી, સૂચક પ્રવચન ૧૮ મિનિટ ચાલ્યું; જેનું છેલ્લું વાક્ય 'રામચરિતનો આ સાર' ઉચ્ચારતાં જ એમની વાણી અચાનક સ્થગિત થઈ ગઈ અને તેમની શ્વાસની લીલા સમેટાઈ ગઈ.

શ્રી રમણ મહર્ષિ કહે છે તેમ; 'લૌકિક રીતે જોઈએ તો આ જીવન 'શરીર' છે, જે નાશવંત છે. પણ આધ્યાત્મિક રીતે કહીએ તો જીવન 'સર્વોપરી ચેતના' છે, જે અનષ્ટ છે.' પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજી શરીરધારી વ્યક્તિ નહીં, 'શાશ્વત ચૈતન્યસ્વરૂપ' હતા-છે-આપણા સર્વના હૃદયમાં નિત્ય વિરાજતા આત્મારૂપે તેઓશ્રી હંમેશ રહેશે. એટલું જ નહીં, 'દિવ્યકૃપાના અપ્રતિમ આવિર્ભાવ' તરીકે સદૈવ પ્રકાશશે. કારણ કે તેઓશ્રીના સમગ્ર જીવનનો, જીવનસાધનાનો એક જ સૂર જગદંબાની પ્રાપ્તિ હતો. માત્ર દર્શન કે દર્શનો નહીં, પોતાના સમગ્ર અસ્તિત્વમાં એમનો આવિર્ભાવ સતત રહે. પોતાની કાયા જગદંબાની જ છાયા રહે એવો સદાગ્રહ હતો; જે સિદ્ધ કરવા સમગ્ર જીવન સમિધરૂપે ધરી દીધું. 'પ્રકાશના પંથે'નો પથિક સ્વયં પ્રકાશમાં રૂપાંતરિત થઈને જ જંપ્યો. તેઓશ્રીના એ સનાતન દિવ્ય-અમર્ત્ય-શાશ્વત ચૈતન્યસ્વરૂપને ઓળખી પરમ



ચૈતન્યમયી 'મા' સર્વેશ્વરીએ યથાર્થ જ કહ્યું; 'મહાપુરુષોને મૃત્યુ હોતું નથી, એનો આજે અમે ક્ષણ ક્ષણ અનુભવ કરી રહ્યાં છીએ. એ અમારી પીઠ થાબડી રહ્યા છે. તેથી સાધનાપંથે કપરાં ચઢાણ ચઢી રહ્યાં છીએ. લક્ષ્યપ્રાપ્તિ માટે ગમે તે ભોગ આપવા તૈયાર છીએ. નિરાશ ન થવાનો અમારો સંકલ્પ છે. જીવ શિવને પ્રાપ્ત ન કરે ત્યાંસુધી તપની જરૂર છે. ત્યારપછી પણ તપ તો ચાલુ જ રહેશે. પૂજ્યશ્રીએ જે પાઠ આપ્યો છે, તે યોગ્ય રૂપમાં ભજવાઈને રહેશે.'

આમ એક પરમ સંતની પૂર્ણ પ્રતિકૃતિ 'મા' સર્વેશ્વરીરૂપે આપણને પ્રાપ્ત થઈ એ અધ્યાત્મજગતને શ્રી યોગેશ્વરજીની અણમોલ દેન છે. જાણે શુભ સંકલ્પનો હિમાલય ઓગળતો ઓગળતો ગંગાના અસ્ખલિત જલપ્રવાહમાં રૂપાંતરિત થયો ને જગત્કલ્યાણનો અખંડ મંત્ર એમાં અહર્નિશ ગુંજવા માંડ્યો.

અધ્યાત્મના અનસ્ત સૂર્ય પૂજ્યશ્રી યોગેશ્વરજી તેમજ તેઓશ્રીની ઝળહળ જ્યોત 'મા' સર્વેશ્વરીને સમગ્ર 'અધ્યાત્મપરિવાર'નાં કોટિ કોટિ પ્રણામ !

સમર્થ ગુરુદેવપ્રભુનું 'શાશ્વત ચૈતન્ય' હોય અને એને ઝીલવા 'મા' સર્વેશ્વરી જેવી 'સજગ ચેતના' હોય; જેમાં 'અનેક ચૈતન્ય અંશો'ને જગાડી દેવાની પ્રેમસભર ક્ષમતા હોય; ત્યારે આ અજસ્ર અસ્ખલિત વહેતી ચૈતન્યધારાના મૂળ સ્રોતસમા મહાત્મા શ્રી યોગેશ્વરજીને પુનઃ પુનઃ વંદી, શ્રી અરવિંદના શબ્દોની યથાર્થતા અનુભવીએ : 'One man's perfection still can save the world.'

'મારા ભક્તને કોઇ ચિંતા નથી. ચિંતા કરનારો હું એની આગળ—પાછળ દોડું છું.'

## ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૬૩
### તા. ૧૮-૧-૮૩, મંગળવાર, માગશર સુદ ચોથ ૨૦૩૯
### જોહાનિસબર્ગ-લેનેશિયા

દરરોજ સાડા ત્રણે વ્યાયામ  કરતી વખતે પૂ.શ્રી ખૂબ ઓછાં કપડાં શરીર ઉપર રાખે છે. વ્યાયામ બાદ માળા લઈને ધ્યાનમાં બેસે છે.

મંત્રજપ બાદ લેખન. 'મહાભારતનાં મોતી'નું 'અર્જુનની એકાગ્રતા' પ્રકરણનું લેખન શરૂ કરે છે. અતિનિયમિત રીતે રોજ સાત વાગ્યે પૂ.શ્રી લેખન શરૂ કરી દે છે.

લેખન બાદ થોડો આરામ કરતાં કરતાં જપ કરે છે. વળી, કોઈકવાર કંઈક વાંચે છે. દરરોજ ભોજનાલયમાં ભોજન બનાવવામાં પણ મદદરૂપ થવા એક આંટો મારે છે, ત્યારે ઘરનાં સૌ પ્રણામ કરે છે. પૂ.શ્રી ઘરનાંની સાથે, ખાસ કરીને મુખ્ય યજમાન સાથે સત્સંગની, પુસ્તકની, પ્રસંગની નવી નવી વાતો કરે છે; તો તૈયાર થતી રસોઈ ચમચાથી હલાવતા, શ્લોકો કે શાંતિપાઠ બોલતા જાય છે. આ દરરોજનો ક્રમ છે.

ભોજન દરરોજની જેમ જ અમારા ઓરડામાં નીચે પાટલા ઉપર બેસીને લઈએ છીએ.

આજે મુલાકાતમાં ખાસ ચર્ચા  થતી નથી.

પૂ.શ્રી બપોરે થોડો આરામ કરે છે. સાંજે ફરીથી એક કલાક દક્ષિણ આફ્રિકાની આ યાત્રા વિષે લેખન કરે છે.

બે દિવસથી પૂ.શ્રી શીર્ષાસન ને થોડી કસરતો ફરીથી સાંજે



પણ કરે છે. પરદેશમાં ઠંડું વાતાવરણ અને ભાવતાં દૂધ મળે છે, જેથી પૂ.શ્રી પોતાનું શરીર વધુ સુદૃઢ બનતાં આનંદ અનુભવતા લાગે છે.

સાંજે એક બહેનને પૂ.શ્રી મુલાકાત આપે છે. તેમના પ્રશ્નના ઉત્તરમાં પૂ.શ્રી તેમને પ્રાર્થનાનો આધાર લેવાનું સૂચવે છે.

આજનું અંગ્રેજી પ્રવચન શ્રી રામકૃષ્ણ હૉલની બાજુમાં, લક્ષ્મીનારાયણ મંદિરના હૉલમાં હતું. શ્રોતાઓ આજે પણ સારી સંખ્યામાં હતાં. અંગ્રેજ બહેનો પણ નીચે પલાંઠી વાળીને સાંભળવા બેઠી હતી.

શરૂઆતમાં ફૂલોના હારથી સ્વાગત થયું. પૂ.શ્રીએ ધ્યાન કેવી રીતે કરવું તેની સરળ સમજ આપતાં ત્રણચાર દૃષ્ટાંતો પણ કહ્યાં.

આજના શ્રોતાઓનો મુખ્ય સૂર હતો કે, પ્રવચન ખૂબ સરસ હતું.

પ્રવચન ત્રણ ભાઈઓ ટેઈપ કરે છે. અમારા યજમાને તો બધાં પ્રવચનો ટેઈપ કર્યા છે.

પ્રવચન બાદ દરરોજની જેમ જ સેવાભાવી ડૉકટરની ગાડીમાં બેસીને ઉતારા ઉપર આવી ગયાં.

હરિઃ ૐ

**–'મા' સર્વેશ્વરી**

''સંતો પોતાના હાડમાંસમાં રાંધીને જીવનનો અમૃતતુલ્ય પ્રસાદ વહેંચે છે.''

## ॥ શ્રી યોગેશ્વરજીની સર્જકપ્રતિભા ॥

પ્રેમાનંદ સાહિત્ય સભા આ પ્રકારની વ્યાખ્યાનમાળા યોજે છે એ પ્રશંસનીય છે. આજે જે મને તક મળી છે તે માટે હું પ્રથમથી જ સભાના સંયોજકોનો આભાર માનું છું.

હું સીધો જ વિષય પ્રવેશ કરીશ. આજના પ્રસંગનું મારે મન મોટું મૂલ્ય છે. બે કારણથી એક, તો એક નિર્વિષયી સંત સાહિત્યકાર મારો વિષય બન્યા છે. અલબત્ત તેથી હું જ વિષયી બન્યો છું; અને બીજું એ કે એ વિષયવિભૂતિની ઉપસ્થિતિ મને બે રીતે પ્રેરણારૂપ બનશે. એક, તો મારી મર્યાદાઓનું મને ભાન રહેશે તો બીજી બાજુ હું અતિશયોક્તિમાંથી ઉગરી જઈશ.

સાહિત્યમીમાંસાનો સિદ્ધાંત છે કે સાહિત્ય અને જીવનનો પારસ્પારિક સંબંધ છે. તે પરસ્પરનો પૂરક અને પોષક છે. શ્રી યોગેશ્વરજી જેવા અનેક વિદ્વાનોના મત પ્રમાણે શુદ્ધ સાહિત્ય જીવનનિષ્ઠ હોઈ શ્રેયસ્‌ની સાધનામાં સર્વોત્તમ ફાળો આપે છે. કારણ કે જીવન અને સાહિત્ય-ઉભયનું લક્ષ્ય મનને ઉન્નયન કરવાનું અને પરમ બ્રહ્માનંદ આનંદની અનુભૂતિ કરવા-કરાવવાનું છે. બ્રહ્મસાક્ષાત્કાર તો કોણ જાણે ક્યારે થશે પણ બ્રહ્મસહોદર આનંદની ઉપલબ્ધિ તો સાહિત્ય દ્વારા થાય છે જ.

શ્રી યોગેશ્વરજી આવા જીવનનિષ્ઠ સાહિત્યકાર છે, શબ્દબ્રહ્મના ઉપાસક છે. તેમની અક્ષરલીલામાં વ્યર્થ વાણીવિલાસ કે વ્યભિચાર નથી. એમાં તો તપઃપૂત જીવનની અનુભૂતિની અભિવ્યક્તિ છે. એ તપસ્વી—જીવનની ઝાંખી એક-બે મિનિટમાં કરી લઈએ.



કૉલેજકાળમાં જ તેમને અચાનક પૂર્વજન્મોની સ્મૃતિ થઈ સમ્યક્ દૃષ્ટિ અને દિશા સાંપડી, પરિભ્રમણ કર્યું. સંતોનો સમાગમ કર્યો. વર્ષો સુધી હિમાલયમાં તીવ્ર તપશ્ચર્યા કરી, સત્યસાધનાનાં સર્વોચ્ચ શિખરો સર કર્યાં. એ અલૌકિક અનુભવોનું વર્ણન તેમણે ૧૩ વર્ષ પહેલાં ‘શ્રેય અને સાધના’ પુસ્તકમાં કર્યું. એ અપ્રાપ્ય પુસ્તકનો હિંદી અનુવાદ કાનપુરમાંથી હમણાં જ પ્રકટ થયો છે. મિત્રો ! આવા ઉચ્ચ કોટિના મહાત્માઓ ત્રણ પ્રકારના હોય છે કેટલાક એકાંતસેવનમાં જ આયુષ્ય ગાળે છે, તો કેટલાક સમાજસેવામાં રચ્યાપચ્યા રહી કદીક પતનને પણ પામે છે. પરંતુ યોગેશ્વરજી જેવી વિરલ વિભૂતિઓ અંતર્મુખી અને બહિર્મુખી (બન્ને) વૃત્તિ-પ્રવૃત્તિઓનો વિવેકપૂર્વક પુરસ્કાર કરીને પોતાને પ્રાપ્ત દિવ્ય દૃષ્ટિનું દુનિયાને દાન કરતા હોય છે. વિદ્યાદેવીનું વરદાન પામેલા યોગેશ્વરજીએ જનમનને જાગ્રત કરવા અને લોકમાનસમાં સાચી સમૂળી ક્રાન્તિ લાવવા માટે લેખિની પકડી છે. મૌન ત્યાગ કર્યો છે મસૂરીમાં ત્રણ માસ રહી, નવ માસ ગુજરાતમાં તેઓ જ્ઞાનની ગંગા અને ભક્તિની ભાગીરથી વહાવે છે. સ્વાધ્યાય શિબિરો યોજી પથપ્રદર્શન કરે છે. ભગવો દંડ ધારણ કર્યા સિવાય અને ચેલા મૂડ્યા સિવાય આ વિતરાગી બ્રહ્મચારીએ સંન્યસ્ત અને ગુરુપદનું ગૌરવ વધાર્યું છે. હજારો લોકોના મનમાંથી અશ્રદ્ધા અને અંધશ્રદ્ધાનું અપહરણ કરી તેમને સમ્યક્ રીતે વિચારતા અને આચરતા કર્યા છે. આ રીતે આ સંત માત્ર ધર્મપ્રચારક જ નહીં પણ સાચા અર્થમાં સમાજસુધારક અને સંસ્કૃતિપ્રસારક બન્યા છે આ કાર્યમાં સાહિત્ય એમનું મુખ્ય સાધન બન્યું છે.

પહેલાં તેમના વિપુલ સાહિત્યનો વિચાર કરીએ. તેમણે પદ્યમાં અને ગદ્યમાં મળી આશરે ૯૨ કૃતિઓ રચી છે પોલ બ્રન્ટનના 'In search in secret India'નો અનુવાદ 'ભારતના આધ્યાત્મિક રહસ્યોની ખોજમાં' તેમણે આપ્યો છે. Tunes unto the Infinite એમની 'અનંતસૂર' અપદ્યાગદ્ય કૃતિનું અંગ્રેજી રૂપાંતર છે. આ સિવાય હજારો પાનાનાં ૬ થી ૭ પુસ્તકોની હસ્તપ્રતો તો તૈયાર છે. અને હજુ તેમના સ્વાધ્યાય અને સાધનાની સાથે સાથે રોજ સાહિત્યસર્જન-લેખનકાર્ય તો ચાલુ જ છે. આવું એમનું વિપુલ સાહિત્ય સામાન્ય જિજ્ઞાસુથી માંડી છેક વિદગ્ધ અને વિરક્ત કોટિના બધા જ ભાવિકોને રસમુગ્ધ કરે અને પથ્ય પાથેય પૂરું પાડે એવું છે.

પ્રથમ આપણે તેમની ગદ્યકૃતિઓ પર એક નજર નાખીએ. સૌપ્રથમ વાર્તાસાહિત્ય લઈએ. ઘણાંને જાણીને આશ્ચર્ય થશે કે આ યોગી કવિએ ધાર્મિક અને સામાજિક વિષયો લઈને ૧૨ તો નવલકથાઓ લખી છે. હું માત્ર નામનિર્દેશ જ કરીશ.

(૧) દુષ્યંત-શકુંતલાની કથાના આધારે 'સ્મૃતિ' લખી છે.

(૨) કચ દેવયાનીની કથાના આધારે 'કાયાકલ્પ' લખી છે.

(૩) શિવપાર્વતીની કથાના આધારે 'પ્રીતપુરાણી' લખી છે.

(૪) કૃષ્ણ રાધિકાની જીવનઘટનાઓના આધારે 'રસેશ્વરી' લખી છે.

(૫) ઉર્મિલાના પાત્રને ચમકાવતી, રામાયણના આધારે બે ભાગમાં લખાયેલી નવલકથા 'સમર્પણ' ખૂબ વખણાઈ છે.

(૬) તે જ પ્રમાણે આખા મહાભારતને મૂર્ત કરતી બે



ભાગની ૧॥ હજાર પાનાંની નવલકથા 'ઉત્તરપથે' વિવેચકોનું સારું ધ્યાન ખેંચ્યું છે.

(૭) એક સંન્યાસીના જીવનને સ્પર્શતી નવલનું નામ છે 'કાદવ અને કમળ'. એમાં શ્લીલ-અશ્લીલના પ્રશ્નો છેડાયા છે.

(૮) 'યોગાનુયોગ'માં કેવળ કાલ્પનિક વસ્તુ કથાનક છે.

(૯-૧૦) એક ચિત્રકારના જીવનને આધ્યાત્મિક ઓપ આપતી 'આગ' નામની નવલકથા તથા ગ્રામ્યજીવનના, પંચાયતરાજના પ્રશ્નોને સ્પર્શતી 'અગ્નિપરીક્ષા'-એ બેય નવલકથાઓ સામાજિક છે.

(૧૧) પરીક્ષિતના જીવનને સ્પર્શતી નવલ 'પૃથ્વી' પ્રેમથી ટકે છે.

(૧૨) તથા ભાઈબહેનના પવિત્ર પ્રેમની નવલ 'રક્ષા' પ્રેસમાં છપાય છે.

નવલકથા ઉપરાંત (૧૩) જીવન વિકાસના સોપાન ૧-૨ની ત્રીજી આવૃત્તિ 'ગીતાદર્શન' નામે તથા (૧૪) 'ગીતાતત્ત્વવિચારના નિબંધો' ગીતા વિશે સાચી સમજણ આપે છે. આ ઉપરાંત પ્રશ્નોત્તરરૂપે (૧૫) ધર્મનો સાક્ષાત્કાર, (૧૬) ધર્મનો મર્મ (૧૭) સંત સમાગમ (૧૮) ઈશ્વરદર્શન (૧૯) સાધના અને (૨૦) નારદભક્તિસૂત્રો વિષે 'પ્રેમભક્તિની પગદંડી' અને (૨૦) 'પરબનાં પાણી' જેવાં મધ્યમ કદનાં પ્રેરક પુસ્તકો ઘેર ઘેર વંચાય છે. તેમનું 'ઉત્તરની યાત્રા' નામે બે ભાગમાં ઉત્તરભારતના તીર્થયાત્રાનો પ્રવાસગ્રંથ પણ જનકલ્યાણ તરફથી પ્રસિદ્ધ થયો છે. આ સિવાય 'દુર્ગાસપ્તસતી' નામનું ચંડીપાઠનું પુસ્તક વિવેચનાત્મક શૈલીમાં છપાઈ રહ્યું છે.

મિત્રો ! સાહિત્ય, ધર્મ, તત્ત્વચિંતન વગેરે સમગ્ર દૃષ્ટિથી મૂર્ધન્ય કોટિની કહી શકાય એવી ત્રણ દળદાર કૃતિઓ છે. (૧) યોગદર્શન (૨) ઉપનિષદનું અમૃત અને (૩) ભગવાન રમણ મહર્ષિ. તે દરેકનો આપણે ટૂંકમાં પરિચય મેળવીએ.

પ્રથમ 'યોગદર્શન' લઈએ. પતંજલિના યોગસૂત્રોનું ગુજરાતીમાં સૌપ્રથમ શ્રદ્ધેય ભાષાંતર શ્રેયસ્સાધક વર્ગના વિદ્વાન સાધક જેકિશનદાસ કણિયાએ કર્યું હતું. શ્રીમનૃસિંહાચાર્ય અગ્રણી સાધક સાક્ષર શ્રી નર્મદાશંકર મહેતાએ પણ તેમનાં લખાણો પર વેધક પ્રકાશ નાખ્યો છે. પરંતુ આ બન્નેમાં પારિભાષિક શબ્દોના વિશ્લેષણ અને વિદ્વત્તાનો ભાર વરતાય છે. તેમાંય કણિયાજીએ તો માત્ર શબ્દશઃ ભાષાંતર જ કર્યું છે. પરંતુ યોગ જેવા ગહન વિષયને ભિન્ન ભિન્ન ભૂમિકા પરના જિજ્ઞાસુ સાધકો સહેલાઈથી સમજી શકે એવી મનોહારી શૈલીમાં લખાયેલા શ્રી યોગેશ્વરજીના 'યોગદર્શન'માં તેમણે કેવળ અનુવાદ આપ્યો નથી કે મૂળનું કશું છોડ્યું નથી. પાદવાર એટલે કે પ્રકરણવાર પંતજલિનાં સૂત્રો વિષે અનુવાદ, અર્થઘટન અને સદૃષ્ટાંત સમજૂતી આપી છે. એટલું જ નહીં પણ ૨૨૦૦ વર્ષ પહેલાનાં સિદ્ધાંતો આજની પરિસ્થિતિમાં કેટલા તાજા અને અનિવાર્યપણે ઉપયોગી છે એનું માનસશાસ્ત્રીય અને આધુનિક ઢબે વિવરણ કર્યું છે. યોગમાર્ગના યાત્રિકને સ્થળે જરૂરી સૂચનો આપ્યાં છે એના ભયસ્થાનોથી સાવચેત રહેવાની લાલબત્તી પણ ધરી છે. આમ Theory અને Practice–ઉભય દૃષ્ટિથી યોગ વિષેની આવી વિશદ અને વિસ્તૃત વિચારણા ગુજરાતી સાહિત્યમાં અન્ય કોઈએ કરી નથી.



(૨) ઉપનિષદનું અમૃત : 'ગીતાની ગાયમાતા' ગણાતાં 'ઉપનિષદો' વિષે આપણે ત્યાં અનેક વિદ્વાનોએ છૂટક છૂટક લખ્યું છે. તેમાં સૌપ્રથમ સળંગ સંપૂર્ણ વિવેચનાત્મક, વિવરણાત્મક ગ્રંથ નર્મદાશંકરે આપ્યો છે. પણ તેમાં સાક્ષરી શૈલી અને શુષ્ક શાસ્ત્રીય પારિભાષિક શબ્દોનું આધિપત્ય રહેલું છે. 'ઉપનિષદનું અમૃત'માં યોગેશ્વરજીએ ઉપનિષદના વિશાળ ગહન ઊંડા ક્ષીરસાગરનું મંથન કરીને આજના યુગને અનુરૂપ અમૃત કાઢી આપ્યું છે. પ્રાચીન સંસ્કારગ્રંથોને ભંડારો કે પંડિતોના ઈજારામાંથી મુક્ત કરી લોકપ્રિય અને લોકોપયોગી બનાવવાની અને તે માટે સાંપ્રત પરિસ્થિતિ અને પરિબળોના સંદર્ભમાં વિચારવાની તથા રજૂ કરવાની આજે ખાસ જરૂર છે. શ્રી યોગેશ્વરજીએ આ દિશામાં ભગીરથ સેવાકાર્ય કર્યું છે.

૧૦૮ ઉપનિષદો પૈકી ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડુક્ય, તૈતિરિય અને છાંદોગ્ય તથા ઐતરેય અને બૃહદારણ્યક ને બદલે કૈવલ અને શ્વેતાશ્વેતર-આમ ૧૦ ઉપનિષદોના શ્લોકના માત્ર અનુવાદ કે અન્વય આપવાને બદલે યોગેશ્વરે પ્રત્યેકના વાચ્યાર્થ અને તત્ત્વસારને સ્ફુટ કરી તેમાંથી આધુનિક જીવનના આદર્શઘડતર માટે નિષ્પન્ન થતું પ્રેરક ચિંતનપાથેય રોચક ઉદાહરણ આપી સમજાવ્યું છે. પારિભાષિક શબ્દોનો ઝાઝો ઉપયોગ કર્યા સિવાય તેઓ સુગમ શૈલીમાં આધુનિક સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને વિજ્ઞાનના પરિષ્કારોનો સુસંગત ઉપયોગ કરીને, પ્રત્યેક ઉપનિષદમાં શાંતિપાઠ, આખ્યાવિકા અને તત્ત્વવિચારને રસપૂર્વક રજૂ કરે છે. એમની વિશિષ્ટતા એ છે કે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિના સંદર્ભમાં તેઓ પોતાનું

આગવું ચિંતન રજૂ કરતા હોય છે. મેં એમનાં આ પુસ્તકો વિશે લંબાણથી વિવેચનલેખો લખ્યા છે એટલે વિશેષ ન કહેતાં એમની ગદ્યશૈલીની બે વિશિષ્ટતા તરફ ધ્યાન ખેચું છું. એક તો જાણે આપણી સમક્ષ પ્રવચન કરી રહ્યા હોય એવી એમની સંવાદશૈલી છે. ઊંડી હૃદયગુફામાંથી વહેતો પ્રવાહ કોઈ સ્થળે ધસમસતા ધોધ જેવો તો કોઈ સ્થળે મંદમધુર મલકાતી મંદાકિની જેવો તો કોઈ સ્થળે પ્રસંગાનુરૂપ ઝરણ કે હરણની ગતિ ધરાવતો હોય છે. પણ સમગ્રતયા તે ધીરગંભીર પ્રસન્નપ્રવાહિતાને ધારણ કરે છે. વળી સિદ્ધાંતોના સમર્થનમાં જે રોચક, સચોટ દૃષ્ટાંતો કે ઉદાહરણો પ્રાચીનગ્રંથોમાં આવે છે તે રૂઢ પરંપરાગત હોતાં નથી પણ મેં હમણાં કહ્યું તેમ તેમના આગવા અર્થઘટનથી બુદ્ધિગમ્ય રૂપક-રહસ્ય સમજાવતા હોય છે અને એનો સાંપ્રત સમયના સંદર્ભમાં તેનો સંબંધ જોડી આપે છે. તો બીજી બાજુ તેઓ પોતાના જીવનના જ સાચા અનુભવોને જેવા ને તેવા સ્વરૂપમાં એવી નિખાલસતાથી રજૂ કરતા હોય છે કે કોઈના ચિત્ત પર ચમત્કાર કે અભિમાનની છાપ પડતી નથી.

**ભગવાન રમણ મહર્ષિ :** મિત્રો ! મારી દૃષ્ટિએ યોગેશ્વરની પરિણત પ્રજ્ઞાના પરિપાકરૂપ સર્વોત્તમ ગદ્યકૃતિ-તે હજાર ઉપરાંત પાનની 'ભગવાન રમણ મહર્ષિ' છે. વિદેશી અને ભારતીય વિદ્વાનોએ લખેલા નાના લેખો અને ગ્રંથો મોટે ભાગે તામિલમાં અને અંગ્રેજીમાં છે. અને એમના અનુયાયીઓના લખેલા છે. પરંતુ એ વિભૂતિવર્યના સઘળાં પાસાંઓને સમગ્ર રીતે આવરી લેતા અને તટસ્થ અધ્યાત્મપ્રેમીની દ્રષ્ટિએ સંશોધનપૂર્વક લખાયેલો સર્વગ્રાહી સવિસ્તર અખંડ ગ્રંથ તો આ પ્રથમ જ હોઈ



અપૂર્વ છે. તેને સરકાર તરફથી પુરસ્કાર પણ પ્રાપ્ત થયો છે. જીવન, સાધના, સાહિત્ય, પત્રો-વગેરે પાંચ ખંડોમાં વહેંચીને લેખકે ધર્મ-અધ્યાત્મક્ષેત્રના સેંકડો વિષયોની માર્મિક, મનોહર પણ મૌલિક ચર્ચા કરી છે. તેમાંના ઉદાહરણો પણ મૌલિક છે. મહર્ષિનો મધ્યવર્તી મૂળમંત્ર ''હું કોણ''ના મૂળભૂત સિદ્ધાંતને વિશદતાથી રજૂ કરી લેખકે સમાજની બહુમૂલ્ય સેવા કરી છે. આ ગ્રંથનું સવિશેષ આકર્ષણ તો ગ્રંથમાં આવતા લેખકના મહર્ષિ સાથેના બારેક અતીન્દ્રિય ચમત્કારિક અનુભવોનું આલેખન છે. 'ઉપનિષદનું અમૃત' અને આ-બંને ગ્રંથ વાંચવા હું સૌને ભલામણ કરું છું.

યોગેશ્વરજીની ગદ્યશૈલીમાં બે વાત ઘણીવાર ખૂંચે છે. વિસ્તાર અને પુનરુક્તિ. માટે તો કહી શકાય કે એમના જેવા મિશનરી સાહિત્યકારો માટે તો એ દૂષણ નથી પણ ભૂષણ છે. કારણ पुनरुक्तिः द्रढिकरणाय પણ અહીં તો વિચારોની જ પુનરુકિત છે. અભિવ્યક્તિમાં તો વૈવિધ્ય છે. વિસ્તાર માટે કહી શકાય કે સંયમસિદ્ધ યોગેશ્વર સાહિત્યમાં પણ શબ્દસંયમ દ્વારા કલામય લાઘવ સાધી શકે તો સોનામાં સુગંધ ભળવા જેવું થાય.

હવે આપણે આ સંતની કવિપ્રતિભાનો પરિચય પામીએ. 'કૃષ્ણરુકિમણી' એમની સર્વોત્તમ કૃતિ છે. તેનો આસ્વાદ પામતાં પહેલાં તેમની બીજી કૃતિઓને જોઈ જોઈએ.

તેમની પ્રથમ કૃતિ 'અનંત સૂર' અને હમણાં જ પ્રસિદ્ધ થયેલી 'દ્યુતિ'-એ બેની વચ્ચે બારેક કાવ્યસંગ્રહો પ્રકટ થયા છે. તેમાં અનંતસૂર, સનાતનસંગીત, ફૂલવાડી અને પરિમલ-એ ચારમાં ગીતાંજલિ પ્રકારનાં ગદ્યકાવ્યો છે. એ વિશે આપણા

અગ્રણી સમતોલ વિવેચક સ્વ. વિજયરાય વૈદ્યનો જ અભિપ્રાય વાંચી સંભળાવું. તેઓ કહે છે કે : 'સહજ અનુભૂતિમાંથી ઉદ્‌ભેલી તેમ જ વિશદ અભિવ્યક્તિવાળી આ રચનાઓનાં રસેભર્યા સૌરભવાળા આત્મરંગી પુષ્પોનો રસાસ્વાદ હું જેમ જેમ વધુ લઉં છું, તેમ તેમ એનાં સત્ત્વસારના મીઠા ઘેનમાં જ રહું છું. મને રવીન્દ્રનાથનું સ્મરણ થાય છે.-' વગેરે.

આ ઉપરાંત સરળ બાળગીતોનો સંગ્રહ 'રશ્મિ' છે. ૧૯૬૨માં ચીનના આક્રમણ સમયે પ્રકટ થયેલ 'હિમાલય અમારો' એ દેશપ્રેમનાં ગીતોનો પ્રેરણાદાયક સંગ્રહ છે. 'સરળ ગીતા' એ દોહરામાં અને 'વિષ્ણુસહસ્રનામ' અને 'શિવમહિમ્નસ્તોત્ર' સળંગ રોળાવૃતમાં સમશ્લોકી ભાષાંતર છે. મારી દૃષ્ટિએ તેમના સર્વોત્તમ સંગ્રહો બે છે. 'અંતરનો આલાપ', 'અભીપ્સા' અને 'દ્યુતિ'-એમાંના ગીતો, ગઝલો અને સૉનેટોમાં ઉચ્ચ કોટિનું કાવ્યચિંતન ચમકારા મારે છે. કેટલીક પ્રથમ પંક્તિઓના ઉપાડ જ આકર્ષક છે :

દા.ત. : (૧) જોગી બેઠા ગગન અટારી.
(૨) તારી વાગે સાંજ સવાર સિતારી.
(૩) સુધાનો સોમલમાં આનંદ
(૪) હું તો પ્રેમપૂજારી.
(૫) પ્રવાસી, પ્રેમનગર રસ પી.
(૬) ઓ પંખી રે ! તેં ઉડવાનું ન જાણ્યું.
(૭) ગીતોની ગંગા જમના.
(૮) તમને જોતાવેંત જ મારી વાણી જાયે થંભી.



આ સિવાય ગૌરવ, દિલમાં જરી, તારી આંખ, અનુરાગ, દિલરૂબા, વગેરે ઉત્તમ કાવ્યો છે. 'ચિત્ત' નામનું નાનું ગીત હું વાંચીશ...

મિત્રો ! મહાન સર્જકકવિ તરીકેની ચિરંજીવ પ્રતિષ્ઠા અપાવનારી કવિની બે સુદીર્ઘ પદ્યકથાઓ છે :

(૧) ગાંધી શતાબ્દિ સમયે પ્રકટ થયેલ ૬૭ અધ્યાયો અને ૯૦૦૦ પંક્તિમાં પથરાયેલી કૃતિ છે—'ગાંધીગૌરવ'.

(૨) અને બીજી હમણાં જ પ્રકટ થઈ છે તે ૪૧૦૦ પંક્તિઓની 'કૃષ્ણ રુકિમણી'.

બંનેના સામ્યભેદના મહત્ત્વનાં લક્ષણો જણાઈ આવે છે બન્નેનાં કાવ્યોમાં કવિનાં છંદ પ્રભુત્વ અને ભાષાગૌરવ ઉપરાંત ભાવનાની ઉત્કટતા, વિશદતા અને ચિંતનની રસાત્મકતા સ્પષ્ટ તરી આવે છે. બંનેમાં ચિંતનનો સંભાર છતાંય ક્યાંય. ક્લિષ્ટતા વરતાતી નથી. બન્ને કાવ્યોમાં ઉદાત્ત વિચારોનું ઊર્મિયુક્ત નિરૂપણ સુંદર કલાવિધાનથી કૌશલપૂર્વક કરેલું છે. બન્નેમાં અક્ષરમેળ અને માત્રામેળ એવા વિવિધ છંદોના ઉચિત (યોગ્ય) વિનિયોગ ઉપરાંત વચ્ચે વચ્ચે ગીતો, સૉનેટો અને આધુનિક અછાંદસ્ કવિતાના પ્રયોગો આકર્ષક બની રહે છે. 'ગાંધીગૌરવ'નાં સૉનેટત્રયી, સૉનેટપંચ અને સૉનેટઅષ્ટકના-૨૦ સૉનેટોમાં તથા 'કૃષ્ણ રુકિમણી'માંની સૉનેટમાળામાં સર્જકકવિની પ્રતિભા પૂર્ણપણે પ્રકટેલી જણાય છે. પ્રસંગપાત્ર કે ભાવના સંદર્ભમાં વસ્તુસંયોજન, કથાપ્રવાહ અને કવિતાતત્ત્વના વિકાસને ઉપકારક નીવડતાં આ સૉનેટો સ્વતંત્ર કાવ્યોરૂપે પણ આસ્વાદ્ય કોટિનાં છે. બન્ને કૃતિઓમાં સ્થળે સ્થળે મુક્તકો જેવા

સેંકડો ચિંતનકોડિયાં ઝબકતાં હોય છે. બન્નેમાં છંદ, કલ્પના, પ્રતીકો અને અલંકારોનો કવિએ યથેચ્છ પણ યર્થાથરૂપે ઉપયોગ કર્યો છે. આમ છતાં મારા મતે સમગ્ર દષ્ટિએ જોતાં ‘ગાંધીગૌરવ’ કરતાં ‘કૃષ્ણ-રુકિમણી’ કાવ્ય ઉચ્ચતર કોટિનું છે. ‘ગાંધીગૌરવ’માં રહેલા કેટલાક દોષોથી ‘કૃષ્ણ રુકિમણી’ કાવ્ય તદ્દન વિમુક્ત છે.

મારા અભ્યાસ પરથી એટલું તો હું જરૂર કહીશ કે આ બે કૃતિઓ પરથી આધુનિક યુગને અનુરૂપ એવા મહાકાવ્યની અપેક્ષા આપણા ચિત્તમાં જન્માવે છે. કારણ આ કૃતિઓમાં મહાકાવ્યનાં અનેક લક્ષણો બીજાંકુરાવસ્થામાં પડેલાં જોવા મળે છે.

ગાંધીગૌરવની એક-બે મર્યાદાઓનો હું ઉલ્લેખ કરી લઉં. એ મર્યાદાઓ મેં મારા વિવેચનલેખમાં પણ જણાવેલી છે જ. નવજાત શિશુ મોહનદાસની અદશ્ય રીતે સિદ્ધેશ્વરો પ્રાર્થના કરે છે તે પ્રસંગમાં, તથા માતાનું હાલરડું ગાય છે તેમાં તથા એવા બીજા પ્રસંગોમાં-મનુષ્યમાંથી મહાત્મા બનેલા-માનવેન્દ્રમાં પરલોક મુનીન્દ્રનું કરેલું આરોપણ ગાંધીજીના વ્યક્તિત્વને બહુ અનુરૂપ લાગતું નથી. દિવ્ય દર્શનનું તથ્ય અને કલાનું સત્ય અન્યોન્યની એકરૂપતાથી કાવ્યમાં દીપી ઉઠે તો જ પ્રતીતિકર લાગે. બીજી મર્યાદા તે પુનરુક્તિ છે. તે ગદ્યમાં નિવાર્હય છે, કાવ્યમાં નહીં.

**–શ્રી મહેન્દ્રકુમાર દેસાઈ**

‘કવિએ મૂકેલા પ્રત્યેક પૂર્ણવિરામ પાસે એક સહૃદય તરીકે આપણે અલ્પવિરામ લેવો જોઈએ.’



# ॥ શ્રી યોગેશ્વરજી : થોડાં સંસ્મરણો ॥

સાધુસંતો સાથે મારે સારી લેણાદેણી છે. ખાસ કરીને જે સંતો સાહિત્યનુરાગી છે, ઉદારચરિત્ર ને મતાંતરસહિષ્ણુ છે તેમનો સંગ-સંબંધ મને ઠીક ઠીક સાંપડ્યો છે, પૂ.યોગેશ્વરજી આવા એક સંત હતા.

સુરતમાં પૂ.યોગેશ્વરજી દર વર્ષે આવતા ને થોડા દિવસ ગાળતા. મોટે ભાગે બેસન્ટ હોલમાં કે સનાતન હૉલમાં એમનાં પ્રવચનો થતાં એ સાંજ મને બરાબર યાદ છે. મારા પરમ આશ્ચર્ય વચ્ચે મેં પૂ. યોગેશ્વરજીને એમનાં બા તથા બે ભક્તો સાથે મારા દરવાજામાં પ્રવેશતા જોયા. મેં એમને આવકાર્યા, બેસાડ્યા ને પછી કહ્યું : “આપે મારા ઘર સુધી આવવાની તકલીફ શા માટે લીધી ! આપ મને આપની પાસે બોલાવી શક્યા હોત, હું આપના કહેણને મારું સદ્‌ભાગ્ય ગણત.” યોગેશ્વરજી હસીને કહે, “જયન્તભાઈ, તમને હું મારા નિવાસે બોલાવું તો તમારે ચાલીને કે વાહન કરીને આવવું પડે. હું તો રોજ સાંજે આ ભક્તોની ગાડીમાં ફરવા નીકળું છું મને તમારે ત્યાં આવવામાં શી અડચણ હોય ? તમે કવિ-લેખક છો તેની મને જાણ છે, એટલે થોડી સાહિત્યની, કવિતાની વાતો કરવા આવ્યો છું.” મારો ક્ષોભ થોડો ઓછો થયો ને પછી તો સાહિત્ય ને સાહિત્યકારોની વાતો ચાલી. એમને ઘણા લેખકોની ને પ્રકાશકોની પાકી ખબર. નવાં પ્રકાશનો વિશે પણ જાણે, મારી કવિતાનો ને ‘વનાંચલ’નો પણ એમને પરિચય.

પૂ.યોગેશ્વરજી સાથેનો મારો સંબંધ ખાસ તો સાહિત્યને લીધે. તેઓ સારા કવિ ને કથાલેખક. એમણે કાવ્યસંગ્રહો પ્રગટ કર્યા છે

ને નવલકથા પણ ! રમણ મહર્ષિ અને મહાત્મા ગાંધી વિશે પણ એમણે દળદાર ગ્રંથો કર્યા છે. કાવ્યમાં એમના છંદો સાફ શબ્દો બહુધા તત્સમ ને શૈલી પ્રશિષ્ટ, પ્રાસાદિક. એમના પ્રવચનની વાણી જેવી પ્રવાહી, વેગીલી ને ચોટદાર તેવી જ એમની કવિતા-કથાની વાણી પણ. એક વાર તેઓનો વડોદરાથી પત્ર આવ્યો. મારે એમને મળવું એવો એમનો આગ્રહ હતો. હું આકાશવાણીનું મારું કામ પતાવી એમણે આપેલા કારેલી બાગના શ્રીઉપેન્દ્રાચાર્યજીના નિવાસસ્થાનના સરનામે જવા નીકળ્યો, પહોંચ્યો. ઉમળકાથી આવકાર્યા પછી એમણે પોતે જે કાવ્ય લખતા હતા તે મારી આગળ વાંચવા માંડ્યું. કાવ્ય રુક્મિણી વિશે હતું એટલું બરાબર યાદ છે. કદાચ કોઈ દીર્ઘ કૃતિનો એ અંશ પણ હોય. વાંચી રહ્યા પછી એમણે હસ્તપ્રત મારા હાથમાં મૂકી. યોગેશ્વરજીના હસ્તાક્ષર એમના વ્યક્તિત્વ જેવા : સ્વચ્છ, સ્પષ્ટ, થોડા મોટા, ખાસ મરોડદાર નહીં પણ સીધા, સરલ. મોટા માણસોમાં જ મળે એવી નમ્રતા સાથે એમણે કહ્યું : “કેમ, કેવું લખાય છે ? હજી એ આગળ લખવાનું છે.” આગળની એમની યોજના પણ એમણે સમજાવી. મેં કહ્યું. તમે તો ઘણું લખો છો એટલે સિદ્ધહસ્ત છો. “યોગેશ્વરજી સામાન્ય રીતે દીર્ઘ કાવ્યરચનાઓ કરે, એકથી વધુ ખંડમાં નવલકથાઓ રચે ને દળદાર આત્મકથાત્મક ગ્રંથ લખે બધામાં એમનું એક ચોક્કસ આયોજન હોય, વ્યવસ્થા હોય, ચીવટ ને પરિશ્રમ હોય, સહેજ સંકોચ થાય છે, પણ એક પ્રસંગ કહું. પૂ.યોગેશ્વરજીનાં પ્રવચનો સુરતમાં બેસન્ટ હૉલમાં ચાલે. એક દિવસ એમણે મને બોલાવ્યો.” હું એમના નિવાસે પહોંચ્યો ને ત્યાંથી એમની સાથે બેસન્ટ હૉલ ગયો. એમણે મને મંચ ઉપર એમની પાસે બેસવા



કહ્યું, હું બેઠો. એમનું પ્રવચન ચાલતું હતું ત્યાં વચ્ચે જ એમણે એ અટકાવીને કહ્યું : ‘આજે મારી બાજુમાં તમારા શહેરના ને ગુજરાતના એક પ્રતિષ્ઠિત કવિ બેઠા છે, આપણે એમનું સન્માન કરીએ છીએ.’ બોલીને એમણે મારા ગળામાં પુષ્પહાર પહેરાવી દીધો, હું ગળગળો થઈ ગયો. બે અક્ષર આભારના બોલ્યો ને યોગેશ્વરજીને વંદન કરી બેસી ગયો. એ સન્માનના નિમિત્તનું સ્મરણ મને બરાબર નથી કદાચ ત્યારે મને રણજિતરાય ચંદ્રક કે પછી દિલ્હીની સાહિત્ય અકાદમીનો ઍવોર્ડ મળ્યો હશે. નિમિત્ત મહત્ત્વનું નથી, મહત્ત્વની વાત તો એમની કવિતા-પ્રીતિની, સરસ્વતીપૂજનની છે, વિદ્યા ને કલા પ્રતિની એમની ભક્તિની છે.

તે દિવસે પ્રવચનમાં મેં એમને થોડા અનૌપચારિક ને સ્પષ્ટવક્તા થતા પણ જોયા, પ્રવચન દરમિયાન તેમણે શ્રોતાઓ સમક્ષ જે કહ્યું તે મને બરાબર યાદ રહી ગયું છે. તેઓશ્રી કહે : “હું પરદેશમાં જાઉં છું” ત્યારે ત્યાં મારાં પ્રવચનો સાંભળવા મોટેભાગે યુવાનો આવતા હોય છે. એમને ભારતીય સાહિત્ય, સંસ્કૃતિ, યોગ આદિ વિશે જાણવાની ભારે ઉત્કંઠા હોય છે. તેઓ મારી પાસેથી નિષ્ઠાપૂર્વક યોગના પાઠ શીખે છે. સત્ય, જાણવાની એ પશ્ચિમની પ્રજાની તાલાવેલી ને આગ્રહ મારા મનમાં એમને માટે આદર જગાડે છે. અહીં હું જોઉં છું તો દર વરસે એના એ જ શ્રોતાઓ ! કેટલાક ઘરડા ને કેટલાક આધેડ, યુવાનો તો ઓછા જ, ઘણા તો માત્ર સમય પસાર કરવા જ આવતા હશે. શ્રોતાઓને આ સાંભળી કદાચ આઘાત થયો હશે. પણ મને તો પૂ.યોગેશ્વરજીમાં તે દિવસે સાચા ગુરુનાં દર્શન થયાં. આપણાં સાહિત્ય ને સંસ્કૃતિ પરત્વેની આપણી પ્રજાની

ઉદાસીનતાને એમાં ઠપકો હતો ને એક સંવેદનશીલ ગુરુની વેદના પણ. મારા મન ઉપર આ પ્રસંગની એક અવિસ્મરણીય છાપ પડી છે.

પૂ.યોગેશ્વરજી એક યોગી હતા. હિમાલયમાં વસીને એમણે વર્ષો સુધી યોગસાધના કરેલી. તેઓ કોઈવાર કહેતા કે એમને એમના કર્ણપટમાં એક અનાહત નાદ સંભળાય છે. હું સાંભળી રહેતો, મારી શ્રદ્ધાને સંકોરવા મથતો. એક પ્રસંગનો અહીં ઉલ્લેખ કરું. પૂ.યોગેશ્વરજી કહેતા કે; તેઓ મહાપુરુષોના આત્માને મળી શકે છે ને તેમની સાથે વાત પણ કરી શકે છે, એક દિવસ એમના એક ગ્રંથની (ઘણું કરીને ગાંધીજી વિશેના) વાત નીકળી. તેઓના મનમાં એ ગ્રંથની પ્રસ્તાવના માટે બે નામો હતાં. શ્રી મોરારજી દેસાઈ અને હું એટલે કે જયન્ત પાઠક, એક દિવસ મને કહે ''મને આજે ગાંધીજી (એટલે કે એમનો આત્મા) મળ્યા. મેં એમને પ્રસ્તાવના વિશે એમની પસંદગી જણાવવાનું કહ્યું. એમણે શ્રી મોરારજી દેસાઈની પ્રસ્તાવના લેવાનું કહ્યું, ''આવી બાબતમાં હું સંશયાત્મા, પણ પૂ.યોગેશ્વરજી ખોટું શા માટે બોલે ?'' એમનો એવો શું સ્વાર્થ ? આ વિશ્વની રહસ્યસભરતાને કોણ તાગી શકે ! મનની શક્યતાઓ પૂરી કોણ જાણે ! એટલે કોઈ ટીકા-ટિપ્પણી વગર હું તો કહીશ કે પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે.'' પૂ. યોગેશ્વરજીને પ્રણામ.

**–શ્રી જયન્ત પાઠક**

'મેં ઝાકળનું ધ્યાન ધર્યું ને મને સમુદ્રનું રહસ્ય મળ્યું !'



# ॥ શ્રી યોગેશ્વરજીનું પ્રભાવક વ્યક્તિત્વ ॥

લગભગ સાડા ત્રણ દાયકા પૂર્વે વડોદરામાં મારા કવિ-મિત્ર શ્રી મહેન્દ્રકુમાર દેસાઈ (કુમાર)ને ઘરે પ્રથમવાર યોગેશ્વરજીની છવિનું દર્શન થયું. ખાદીનાં વસ્ત્રોથી આકર્ષાઈ સહજ પૂછ્યું; 'આ વિભૂતિનું નામ ?' એમણે ટૂંકમાં કહ્યું : 'યોગેશ્વરજી. મહાત્મા ગાંધીના સારામાં સારા ને સાચામાં સાચા અનુયાયી સમજો તો પણ ચાલે.' એ પછી તો ભાઈ 'કુમારે' યોગેશ્વરજીની સાધના ને, સાહિત્યપ્રીતિની, એમની અદ્‌ભુત વક્તૃત્વશક્તિની, એમનાં લોકહિતનાં અનેક મંગલ કાર્યોની વાતો કરી અને મને ફૅકલ્ટી ઓફ આર્ટ્સમાં યોગેશ્વરજીનું પ્રવચન ગોઠવવાની ભલામણ કરી. 'ભારતીય સંસ્કૃતિ' ઉપર એમણે જે વાક્‌ધારા અને વિચારધારા ચલાવી તેથી સર્વશ્રોતાજનો પ્રસન્ન ને કૃતાર્થ થઈ ગયા. આ પછી પાદરાની કૉલેજમાં પણ કૃતાર્થ થઈ ગયા. (પાદરાની કૉલેજમાં પણ એમનું પ્રવચન ગોઠવેલું.) થોડાંક વર્ષો બાદ, વડોદરાના વિશ્વવંદ્ય ઉદ્યાનમાં એમની વ્યાખ્યાનમાળા ગોઠવાયેલી જેમાં બે ત્રણવાર મેં હાજરી આપેલી અને એમના જ્ઞાનનો અને સત્સંગનો ઠીક ઠીક લાભ લીધેલો. અમારી અરુણોદય સોસાયટીમાં રહેતા, ગાંધી ઓઈલમીલના માલિકને બંગલે યોગેશ્વરજીની અવારનવાર પધરામણી થતી હોવાથી એ સત્સંગ-ગંગામાં અવગાહન કરવાની મને સહજ તક મળેલી અને પછી તો એમણે મારે મંદિરે પધરામણી કરવાની પણ કૃપા કરેલી. એ જ અરસામાં એમણે 'અધ્યાત્મ' માસિક પ્રગટ કરવાની ઇચ્છા દર્શાવી અને મને આજ્ઞા કરી કે મારે પ્રત્યેક અંકમાં એકાદ કાવ્ય તો આપવું જ. તે જ ક્ષણે મેં મારાં ૬૦-૬૫

અપ્રગટ ભક્તિ-કાવ્યોની ફાઈલ એમના કરકમલમાં ધરી દીધી. જેમાંથી એમણે કેટલાંક ભક્તિ-કાવ્યો પસંદ કર્યાં. એમને આપેલા વચન પ્રમાણે, આજેય તે, એમની અનુપસ્થિતિમાં પણ ‘અધ્યાત્મ’માં હું નિયમિત લખું છું.

ઈ.સ. ૧૯૭૫માં, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી રજત જયંતી પ્રસંગે, યુનિવર્સિટી કર્મચારીમંડળ-આયોજિત પૂ.શ્રી ડોંગરે મહારાજની ભાગવતસપ્તાહપ્રસંગે પ્રકાશિત ‘સંત સૌરભ’નું સંપાદન મેં કરેલું જેમાં લગભગ પંચોતેર જેટલા સંતો-મહાત્માઓ અને ધર્માચાર્યોનો સમાવેશ કરેલો. એ પંચોતેરમાં યોગેશ્વરજીનો સમાસ પણ આવી જાય છે. એ સંપાદન-કાર્ય દરમિયાન જાણવા પામ્યો કે પૂર્વાવસ્થાના સરોડાના આ શ્રી ભાઈલાલભાઈ મણિલાલ ભટ્ટ કાવ્યો, વાર્તાઓ અને નવલકથાઓ પણ લખતા હતા ને સાહિત્યપ્રેમી જ નહીં પણ સાહિત્યકાર પણ હતા. યોગેશ્વર બન્યા પછી વેદ ઉપનિષદ, રામાયણ-મહાભારત, ગીતા, દર્શન, યોગશાસ્ત્ર વગેરેના મર્મ અને હાર્દને સારવી-તારવીને અનેક ગ્રંથરૂપે લોકભોગ્ય બનાવેલ છે તેમાં પૂર્વાવસ્થાના આ સાહિત્યકારની પરિણતપ્રજ્ઞાની પાકી પ્રતીતિ થાય છે. અંગત રીતે હું એમના ન્હાનાલાલ પ્રત્યેના અનુરાગથી અત્યંત પ્રભાવિત થયેલો. ‘ભગવાન રમણ મહર્ષિ’ અને ‘પ્રકાશને પંથે’ જેવા એમના ગ્રંથો ઘણો લોકપ્રિય બન્યા છે. આપણા સદ્‌ગત નાટ્યાચાર્ય પ્રો.ચંદ્રવદન મહેતાએ ‘આકાશવાણી’ પરથી ‘ભગવાન રમણ મહર્ષિ’-વિષયક ‘ફીચર્સ’ રજૂ કરેલાં તેમાં વધુમાં વધુ ઉપયોગ આ ગ્રંથનો કરેલો એનો હું સાક્ષી છું. ગુજરાતમાં અને ગુજરાતીમાં સારા વક્તાઓ આંગળીને વેઢે ગણાય એટલા જ પંડિતયુગના સારામાં સારા



વક્તા શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ (કવિ‘કાન્ત’) એ પછી ગાંધીયુગમાં શ્રીઈન્દુચાચા, શ્રી શામળદાસ ગાંધી, પ્રિ.યશવંત શુકલ, પ્રિ.સંતપ્રસાદ ભટ્ટ, પ્રો.સી.એમ.શુકલ જેવા કેટલાક. એમાં પૂ.યોગેશ્વરજીનો નિઃશંક સમાવેશ કરું. કોઈપણ વિષય હોય કિન્તુ યોગેશ્વરજી પૂર્ણ આત્મવિશ્વાસ સાથે ભાષાના અદ્‌ભુત પ્રભાવથી અને તાર્કિક વિચારોની કડીને તૂટવા દીધા સિવાય વિષયની પ્રભાવક છણાવટ કરતા ને શ્રોતાજનોને આદિથી તે અન્ત સુધી જકડી રાખતા. અમદાવાદ-વડોદરા રેડિયો પરથી ‘અમૃતધારા’માં કે આકાશવાણી રાજકોટ પરથી ‘રત્નકણિકા’માં અવારનવાર ‘રીલે’ થતા તેમના વાર્તાલાપમાં પણ તેમની વિચારશક્તિ અને વક્તૃત્વનો સુખદ અનુભવ થતો હોય છે. ઘણીવાર એમાં એમનું કવિહૃદય પણ ધબકતું અનુભવાય છે. ગાંઠાગળફા વિનાનું એમનું પ્રસન્ન મધુર ને પ્રાસાદિક ગદ્ય પણ હૃદ્ય હોય છે. હું જાણું છું ત્યાં સુધી પૂ.યોગેશ્વરજી એક અચ્છા પત્ર-લેખક પણ હતા. પૂ.ગાંધીજી અને શ્રી રાયચંદભાઈ (શ્રીમદ્‌રાજચંદ્ર) વચ્ચે પત્રો દ્વારા ધાર્મિક પ્રશ્નોની ચર્ચા થયેલી છે તો શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી અને ગિદુમલ વચ્ચે ‘સરસ્વતીચંદ્ર’ના અંતની યોગ્યાયોગ્યતા વિષે વિચારણા થયેલી છે. ‘કીર્તિદાને કમળના પત્રો’માં શ્રીબચુભાઈ ઉમરવાડિયાએ પત્રો દ્વારા કરેલા વિવેચનના પત્રો છે તેવા ‘પથિકના પત્રો’માંથી શ્રીઅંબાલાલ પુરાણીએ તત્ત્વજ્ઞાન વિચારણાના પત્રો લખેલા છે, ‘અજ્ઞાતના પત્રો’ (શ્રી ચમનલાલ વૈષ્ણવ)માં જીવનના તલસ્પર્શી પ્રશ્નો અંગે સ્વસ્થ, મૌલિક વિચારણા સરલ શિષ્ટ ને પ્રતીતિકર શૈલીમાં થઈ છે. વર્ષો પૂર્વે પૂ.યોગેશ્વરજીના એક અંતેવાસીએ એમના પત્રોનું સંપાદન કરવા

માટે 'અધ્યાત્મ'માં અપીલ બહાર પાડેલી એવો મારો ખ્યાલ છે. એ અપીલના-અનુલક્ષમાં મેં મારી પાસે પૂજ્યના પત્રો હતા તે તેમને મોકલી આપેલા. એ સંપાદનનું પછી શું થયું ? ન-જાને ! પણ જો એ સંપાદન ભવિષ્યમાં શક્ય બને તો, અનેક મુમુક્ષુ-જિજ્ઞાસુઓના અધ્યાત્મમાર્ગદર્શનની દીવાદાંડીરૂપ બની રહેશે એવી મને શ્રદ્ધા છે. મારી પ્રકૃતિનું પૃથક્કરણ કરીને મેં પૂજ્યને પ્રશ્ન પૂછેલો કે, 'ભગવાન રામ કે ભગવાન કૃષ્ણ કરતાં પણ મારાં શ્રદ્ધા-ભક્તિ ભગવાન શિવમાં કેમ વિશેષ છે ?' એનો જે પ્રતીતિકર પ્રત્યુત્તર એમણે આપેલો તે હજી પણ મને યાદ છે. સેંકડોની સંખ્યામાં એમના પત્રો હોવા જોઈએ. પૂ.યોગેશ્વરજીના વ્યક્તિત્વનો અંતરંગ પરિચય એમના પત્રો દ્વારા પણ પામી શકાય.

મારે માટે પૂ.યોગેશ્વરજી પ્રત્યેના અનુરાગ અને આકર્ષણનું મુખ્ય કારણ તો એમનું નિર્દંભ ને પારદર્શક વ્યક્તિત્વ એમના જીવનમાં, વિચાર, વાણી ને વર્તનનો કોઈપણ પ્રકારનો વિસંવાદ નહીં, બલકે સંપૂર્ણ સંવાદ. એક રીતે જોઈએ તો એ વધુ પડતા ગુણાનુરાગી પણ મારા. આપણા સામાન્ય સદ્ગુણને પણ ઉદારતાથી મોટા સ્વરૂપે સ્વીકારે. અનુકંપાશીલ હૃદયને કારણે એમના સંબંધોનો વ્યાય ઘણો મોટો હતો. એમના બધા જ સંબંધો કશા પણ સ્વાર્થ કે અપેક્ષા વિનાના હતા. અન્યના હિત અને શ્રેય કાજે તેઓ સદાય તત્પર રહેતા. સંવેદનાની ગહરાઈને કારણે લોકસંગ્રહની પ્રવૃત્તિ એમને માટે સહજ હતી. એમના વ્યક્તિત્ત્વમાં જ સમભાવનું એવું તત્ત્વ હતું કે સર્વને એ આત્મીય જ લાગે. એમને ને દંભને ઉત્તરદક્ષિણ ધ્રુવ જેટલું અંતર હતું.

'અધ્યાત્મ'માં વર્ષોથી પ્રગટ થતું અને અપ્રગટ રહેલું 'શ્રી



યોગેશ્વર કથામૃત' વાંચતા-વિચારતાં એ કેવા મોટા ગજાના અઠંગ સાધક હતા તેનો વાસ્તવિક ખ્યાલ આવશે. યોગેશ્વરજી ભલે શ્રીમદ્ શંકરાચાર્ય જેવા દાર્શનિક કે ડૉ.રાધાકૃષ્ણ જેવા તત્ત્વચિંતક ન હોય પણ ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિની અસલ રગને એમણે સંપૂર્ણ સમજણ સાથે પકડી છે તેનું પ્રત્યક્ષ ને દૂરગામી પરિણામ ઘણું રોચક ને નક્કર આવ્યું છે ને ભવિષ્યમાં આવનારા એમના કુડીબંધ ગ્રંથો પર ઊડતી અછડતી નજર નાંખનારને પણ એની ઈયત્તા ને ગુણવત્તાની પ્રતીતિ થશે જ. શ્રીમદ્ શંકરાચાર્ય અને ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનને વાંચનાર કેટલા ! અને વાંચીને સમજનાર પણ કેટલા ? ગણતર બુદ્ધિપ્રવણો જ ! પણ ભટ્ટ કવિ પ્રેમાનંદની જેમ : 'આ બાજુ વ્યાસ વાંચે સંસ્કૃત, આ બાજુ મારું પ્રાકૃત' એમ સંસ્કૃતના વ્યવધાનમાં અને પ્રકાંડ પાંડિત્યના આવરણમાં-ઘટાટોપમાં ગોપાયેલા, વર્ષોની કઠોર તપસ્યા બાદ, આપણા આર્યમનીષીઓએ ગોચર કરેલા બ્રહ્મને સુગમ ને સુલભ કરી આપનાર તો યોગેશ્વરજી જેવા ભારતીય સંસ્કૃતિના સંસ્કાર-સમર્થ ભાષ્યકારો કે વિવરણકારો જ. એમની આવી અ-ક્ષર સેવાને આપણે જાગૃતિપૂર્વક ને પૂરા ઋણભાન સાથે સ્વીકારી એ ઋષિનું તર્પણ કરી કૃતાર્થ થઈએ.

**–ડૉ. રજની એમ. પટેલ**

(અનામી)

**'પ્રીત બહુત સંસાર મેં નાનાવિધ કે સોય**
**ઉત્તમ પ્રીતિ સો જાનિયે, જો સદ્ગુરુસે હોય.'**

## ॥ શ્રી યોગેશ્વરજીકૃત 'કૃષ્ણરુકિમણી' : રસાસ્વાદ ॥

આપણે'કૃષ્ણરુકિમણી' કલાકૃતિનું આછુંપાતળું રસાસ્વાદન કરીશું. પ્રથમ તો કવિની મૌલિકતા તરફ હું આપનું ધ્યાન ખેંચું છું.

'ભાગવત' અને 'મહાભારત'માંથી વસ્તુબીજ ઉપાડીને કવિશ્રીએ પોતાની પ્રતિભા અને કલ્પનાનુસાર જે મૌલિક ઉમેરા કર્યા છે તેની નોંધ લેતાં લેતાં જ રસાસ્વાદ કરીશું.

આરંભમાં શ્રીકૃષ્ણે પૂછેલા પ્રશ્નના ઉત્તરરૂપે નારદ પોતે જોયેલ અવનીના અણમોલ આશ્ચર્યરૂપે વિદર્ભ રાજકુમારી રુકિમણીના વિલક્ષણ વ્યક્તિત્વનું અને સાત્ત્વિક સૌંદર્યનું આલંકારિક વર્ણન કરતાં છેવટે કહે છે.

**''સિતારી સ્મરણે એના થતી ઝંકૃત જાગતી**
**છતાંય સ્વરને રેલી શકે સંપૂર્ણ આજ ના**
**અવાગ્મનસને વાણી વ્યક્ત કેમ કરે કદા !''**

પ્રેમાનંદના હંસનું દમયંતીવર્ણન તો સ્થૂળ અને રાજસી છે અહીં નારદનાં વચનો કૃષ્ણના મનને રુકિમણી વિશે અભીપ્સિત કરે છે કૃતિનું નાટ્યાત્મક ઉદ્‌ઘાટન કરતો 'કૃષ્ણ નારદ સંવાદ'નો આખોય અધ્યાય મૌલિક છે. રુકિમણીના પ્રાદુર્ભાવ વિષેની અનેક સુંદર ઉત્પ્રેક્ષાઓ પૈકી એક હું રજૂ કરીશ :

**''તામસ્રથરમાંહેથી ચારુ કો ચન્દ્રિકા સમો,**
**સુધાઘટ સમુદ્રેથી પ્રકટી મંથને ગયો;**
**અથવા વેણુનું દૈવી તમે વાદન જે કર્યું**
**આટલાં વર્ષોથી તે બની સાકાર ત્યાં ગયું.''**



અને એની પ્રતિક્રિયારૂપે નાયક-નાયિકાના અંતરતમમાં

**''રંગોળીઓ નવલ પ્રકટી પ્રાણની દિવ્ય પ્રીતે''**

ચોથા અધ્યાયમાં સ્વપ્નમાં રુકિમણી પરાશર મુનિની ચાર્તુમાસમાં સેવા કરે છે. માગવાનું કહેતાં સેવાનો આદર્શ રજૂ કરે છે : ''પુરસ્કાર કદી હોયે સેવાનો સ્નેહથી નહીં'' છતાં મુનિ કહે છે : ''સંસર્ગ નિષ્ફળ થતો ન કદી અમારો'' અને સારો પતિ પ્રાપ્ત કરવાનું વરદાન આપે છે.

સ્વપ્નજાગૃતિ પછી ભાવોદ્રેકમાં ડૂબેલી રુકિમણી સમક્ષ પિતા પુરુષોત્તમની પ્રશંસા કરે છે. તેથી સ્નેહબીજનું અનુસિંચન થાય છે. તો તેના ભાઈ રુકિમણીએ કરેલી કૃષ્ણનિંદા અને શિશુપાલની પ્રશંસાથી તેનું હૃદય ક્ષોભ અનુભવે છે. એકલી પડેલી રુકિમણીનું સુરેખ ચિત્ર કવિએ એક જ પંક્તિમાં દોર્યું છે કે

**''ચઢી પ્રણયનાવ કામ કલિકા સમી રુકિમણી''**

છઠ્ઠા અધ્યાયમાં પિતા કૃષ્ણને મહેલમાં નિમંત્રે છે અને પુત્રીનો પરિચય કરાવે છે. અન્યોન્યના દર્શનથી

**''અંતરપટમાં એવા પ્રવાહો પ્રકટી રહ્યા,**
**પ્રેમ-આદરના મારા સંસ્કારો સૂક્ષ્મ પ્રાણના,**
**અનુસંધાન સાધીને પુનઃ પ્રથમ દર્શને,**
**સુસીંચન થકી ફાલ્યા પ્રકટી પુષ્પ સૌ થયા.''**

આપ જોઈ શકશો કે આ બધી જ ઘટનાઓ કવિની મૌલિક કલ્પનાઓના સર્જનરૂપ છે. તેનાથી નાયક-નાયિકાના સૂક્ષ્મ પ્રેમબીજનો વિકાસ સ્વાભાવિક રીતે થતો જણાય છે.

પછી તો પિતાને કેદમાં નાંખી રુકિમણી તેની બહેન સમક્ષ

ફરીથી કૃષ્ણનિંદા અને શિશુપાલની પ્રશંસા ભિન્ન ભિન્ન ઉપમાનોથી કરે છે. શિશુપાલને નિમંત્રે છે. શિશુપાલ ખલનાયકની ભાષા વાપરે છે અને લાંબી ઉપમામાળા દ્વારા પોતાના પ્રેમોદ્ગાર પ્રકટ કરે છે રુકિમણીએ બહેનના લગ્નની તિથિ જાહેર કરી છે.

ચિંતનશીલ બનેલી રુકિમણી 'સાંત્વન' નામના અધ્યાયમાં પ્રેરક ચિંતન કંડિકાઓ રજૂ કરે છે. સખી સુરેખાને તે "લેખ લલાટના પલટાશે નહીં" એમ કહી સ્ત્રીશક્તિનું સ્વરૂપ સમજાવે છે :

**"સ્વતંત્ર છે સ્ત્રી જગમાં સદાયે,**
**દાસી નથી, ભાગ્યતણી વિધાત્રી**
**બની શકે ને પુરુષોતણુંયે**
**ઘડી શકે ભાગ્ય વળી ઉજાળે."**

અને આત્માતણો પાથ અનંતકાળથી :

**'ફર્યા કરે આ જય ને પરાજયો**
**તણી પ્રસાદી કટુ મિષ્ટ મેળવી**
**વિશ્રામ પાડે પડતાં જ રાત.'**

એ આખુંય યાત્રિકનું રૂપક ચિંતનાત્મક છે. છેવટે તે પોણી બસો પંક્તિનો પત્ર પ્રિયતમ કૃષ્ણને લખી મોકલે છે. જે વાંચતાં કૃષ્ણનું હૃદય વિવિધ ભાવોનો આરોહ-અવરોહ અનુભવે છે. તેમાં નાયક-નાયિકા ઉભયનું વ્યક્તિત્વ વ્યક્ત થાય છે. આ પત્રમાં ૬ ઈટાલિયન અને ૧ શેક્સ-સૉનેટ છે. એમાં ભાષા, છંદ, અલંકાર, ચરિત્રચિત્રણ, શબ્દચિત્રો વગેરે કવિતાઘટકો



પરાકાષ્ઠાએ પહોંચેલા જોવા મળે છે. પ્રત્યેક સૉનેટમાં ચાતક-મેઘ, ચંદ્ર-અબ્ધિ, રજની-ચંદ્ર, માળા અને પ્રભાકર પદ્મિનીની અન્યોક્તિઓ દ્વારા પ્રેમાસક્ત રુકિમણીની તીવ્ર અંતરવ્યથા, પરમપુરુષને ઝંખતી પરાપ્રકૃતિ નિવેદિતારૂપે વ્યક્ત થઈ છે.

૭ મા સૉનેટમાં "ગ્રીષ્મ જેવી બની મારી શુષ્ક જીવનવાટિકા"ના અંતિમ યુગ્મમાં પ્રાર્થે છે કે,

**વસંત બનતા આવો સંજીવન લઈ હવે**
**શાંતિ સંસ્પર્શ જાગે દુઃખદર્દતણા હવે**

અને છેવટે લિ. yours beloved નહીં પણ "તમારાં ચરણો કેરી સેવિકા આર્ત રુકિમણી" કૃષ્ણનો પ્રત્યુત્તર પણ કેવો પ્રેરક છે ! :

**"મને મોહ નથી કોનો સંસારે પણ અન્યના સંવેદન સદા સ્પર્શે."**

તે માનવીનો, સામાજિક નેતાનો આદર્શ રજૂ કરે છે :

**'સ્વયંસેવક નાનો શો આપણા આ સમાજનો**
**આસુરીવૃત્તિની સામે કરું સંઘર્ષ ક્યારનો**
**સ્વધર્મ સમજું મારા પરના પરિત્રાણનો.'**

અત્રથી સુદ્રઢ બનેલી રુકિમણી ભાઈને સંદેશો પાઠવે છે કે

**"વિસાત મુજ પાસે ના સહસ્ર શિશુપાલોની**
**કહેજો કામભાવે એ બગાડે મનને નહીં."**

નિધાર્યા પ્રમાણે અપહરણ કરી રથમાં શ્રીકૃષ્ણ રુકિમણીનો (ગીતાના કૃષ્ણાર્જુન જેમ) સંવાદ રચાય છે. આરંભના શેક્સ સૉનેટમાં સરિત, તારક અને ષટ્પદનાં પ્રતીકોને ૩ ચતુષ્કોમાં નિરૂપી અંતિમ યુગ્મમાં વળાંક લઈ કવિ માનવપ્રકૃતિના

વૈષમ્યનો સુંદર રીતે વિનિયોગ કરે છે. આ સૉનેટ સ્વભાવોક્તિ અને અર્થાન્તરન્યાસથી શોભે છે.

**"મનુષ્ય દ્વંદ્વોમાં પ્રતિદિન ધરે ના અચળતા**
**નથી એ નાની શી ખલુ જગતકેરી કરુણતા !"**

આ અધ્યાયમાંના અનેક સુવચનો સમાજસેવકો માટે મનનીય અને પ્રેરક છે. કૃષ્ણ કહે છે : (એક જ વાંચીશ)

**ઘટે ન અભિનંદનો નવ ચહું પુરસ્કાર કે**
**પ્રશસ્તિવચનો, સમાજહિત કાજ કાયા ધરી**
**ધરું સકળ શ્વાસ હું જગતમાં મને આર્તની**
**ગમે અવદશા નહીં, સુહૃદ સર્વદા શોષિતો**
**તણો પતિત બદ્ધનો, અશુભ ને અનાચારનો**
**અખંડ પ્રતિકાર મંત્ર મુજ જિંદગીમાં ગ્રહ્યો**

અત્રે મારે આપનું ખાસ ધ્યાન ખેંચવાની જરૂર છે, કે આ કૃતિનું સર્વોત્તમ અંગ તેનું સફળ પાત્રાલેખન છે. સમગ્ર કાવ્યમાં કવિએ ક્યાંક શ્રીકૃષ્ણના પાત્રનો અલૌકિક અતિમાનવ અવતારરૂપે પુરસ્કાર કર્યો નથી. કવિએ કૃષ્ણને, તેમની વૃત્તિ-પ્રવૃત્તિઓને માનવીયરૂપે જ વર્ણવી છે. અલબત્ત અત્યુચ્ચ આદર્શ માનવી સજ્જન સંત કે સમાજ-રાજ્યના નાયક તરીકે જ વર્ણવીને પાત્રનું અભિનીત ગૌરવ જાળવ્યું છે. કાવ્યની આ મોટી સિદ્ધિ છે. દ્વારકામાં આવ્યા પછીનો અધ્યાય કવિત્વથી છલકાય છે. રુકિમણી માટેની ૭ ઉત્પ્રેક્ષાઓ ઉત્કૃષ્ટ કોટિની છે. હું એકાદ વાંચીશ.



**"અમૃતઘટ જ જાણે સ્વર્ગથી મૃત્યુલોકે**
**સુભગ તન ધરીને સુંદરી સાથે આવ્યો**
**ગગનપટ રહેતા મેઘની સંગ વર્ષા**
**મદભર અભિસારે નીકળી વિશ્વકેરા."**

માનવતા અને ઉદાત્તતાના સર્વોચ્ચ શૃંગસમા શ્રીકૃષ્ણ રુકિમણીને સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે :

**કર્યો કર્તવ્યનો યજ્ઞ, પરિપૂર્ણ હવે તને**
**સ્વતંત્રતા સમર્પું છું, મમત્વ નવ છે મને.**
**કારણ "શરણાગતનો મિથ્યા લાભ લેવા નહીં ચહું**
**પરિચારક છું સૌનો, પરિચારક છો રહું."**

એમ કહીને તે ત્રણ વિકલ્પો ધરે છે. (૧) રુકિમણીને તેના પિતૃગૃહે મોકલવાની (૨) સુકુમારીરૂપે દ્વારકામાં રહેવાની તથા (૩) સ્વયંવર માટે વ્યવસ્થા કરવાની.

એ સાંભળીને સંક્ષુબ્ધ બનેલી રુકિમણી દૈવી પ્રેમની ભૂમિકા પરથી અપહરણના પ્રસંગની પળોનું Flashback દ્વારા સુંદર શબ્દચિત્ર દોરે છે. 'આવે છે ધન્ય ઘડી ધન્ય પળ યાદ'થી લયસંવાદી પણ અછાંદસ્ કવિતાની ૧૫૦ પંક્તિઓ વટાવીને છેવટે પ્રેમની ખુમારીથી કહે છે :

**"કરુણાભિક્ષા જરાયે માગતી નથી,**
**પ્રેમની કથા જ આ તો અનેરી કથી."**

પરિણામે કવિને 'લગ્ન'ના ઉત્સવનું અવનવું, આદર્શ પણ ભારતીય સંસ્કૃતિને અનુરૂપ વર્ણન કરવાની તક મળે છે. બે-ત્રણ લીટી વાંચું છું. તે સાંભળવા જેવી છે :

**'કરો ઉત્સવ**
**મધુ મહોત્સવ**
**જીવનોત્સવ આજ**
**ઓ ચરાચર, વસંતતણી**
**સ્વર્ગ કે અપવર્ગનીયે**
**છો લૂંટાયે લાજ.'**

લગ્નનો આદર્શ જરા સાંભળીએ.

**''આપણે બે સાથે મળી સમાજનું શ્રેય**
**સાધીશું સાધીને સદા સર્વવિધ પ્રેય,**
**અનીતિની જડોને ઉખેડી નાંખી રોજ,**
**માનવ આત્માની આદિ પ્રશાંતિની ખોજ**
**પરિપૂર્ણ કરવાને પ્રયત્નો કરી**
**અવિનાશી આનંદને રહીશું ધરી.''**

આ વિતરાગી કવિએ દંપતીના એકાંત 'પ્રેમાલાપ'નો મૌલિક અધ્યાય પણ યોજયો છે. જે સ્નેહ અને સંયમના સુમેરુ શિખર જેવો આસ્વાદ્ય બની રહે છે. તેમાં ન્હાનાલાલની જેમ પ્રેમનો આદર્શ ગાયો છે, તથા 'નથી જગત વ્યર્થ, જીવન ન બોજ.' પરંતુ બ્રહ્મના, 'અનુગ્રહ તણી અમોઘ અણમોલ વર્ષા છે. મનુષ્યને મળેલી મધુરી મહાવાટિકા છે'-વગેરેમાં જીવન અને જગત પ્રત્યેનો વિધેયાત્મક, Positive અભિગમ વ્યક્ત થાય છે.

મિત્રો, સમગ્ર કૃતિના મૂર્ધન્યમંડનરૂપ 'વ્રજમંડળ' નામક અધ્યાયનું વસ્તુ તો તદ્દન મૌલિક છે. એમાં રાધાનું ચિત્ર



ગુજરાતી કવિતાસાહિત્યમાં અપ્રતિમ નમૂનારૂપ છે. 'બ્રહ્માંડ ગૃહ આ મારું' કહેનાર કૃષ્ણ વ્રજમાં રુકિમણી સમક્ષ કિશોરકાળની લીલાઓના ભાવભર્યા સજીવ સુખદ સ્મૃતિચિત્રો રજૂ કરતાં કરતાં તેનાં આધ્યાત્મિક રહસ્યોનો પણ સ્ફોટ કરે છે. રુકિમણીની ઈચ્છાથી પ્રજ્ઞાની પ્રેમવર્ષા કરતી શાશ્વતી શુચિ રસેશ્વરી રાધિકા પ્રકટ થાય છે. એ બધા સંવાદો મધુર, લલિત અને રહસ્યમય છે. તેમાં કવિ જીવનનું રહસ્ય, વ્રજનું ગૌરવ અને રાધાનું અભિવાદન કરતા કૃષ્ણ કહે છે :

**''રાધિકા એક આ વિશ્વે, અન્ય એવી થશે નહીં.**
**મહિમામયી બની એને લીધે આ આપણી મહી.**
**એના ચરણની હું તો રજમાત્ર, સિતારની**
**સુરાવલિસમી મારી બની પાવન જિંદગી,**
**બિંદુ રસતણું હું તો, રાધા દિવ્ય રસેશ્વરી.''**

ત્યારપછીના સુદામાનો મેળાપ અને મહાભારત વિશેના અધ્યાયોની વાત હું કરતો નથી. પણ છેવટે ૭૦૦ પંક્તિઓમાં પથરાયેલો 'કૃષ્ણરુકિમણી લીલાસંવરણ'નો અધ્યાય છંદોવૈવિધ્ય ઉપરાંત અછાંદ્સ કાવ્યપ્રવાહથી અને કવિની ઉચ્ચ પ્રતિભા પ્રભાવથી આલોકિત બન્યો છે. એનું મૂલ્ય હું આપણાં ઉત્તમ કરુણ પ્રશસ્તિકાવ્ય તરીકે આંકું છું. રુકિમણીની કરુણપ્રશસ્તિ, પૃથ્વીનું ક્રંદન, નારદનું આશ્વાસન વગેરે સ્વસ્થ છતાં ગહન પ્રેમભાવથી ભરપૂર હોઈ તેમાં રુરુદિષા કે વિલાપનો કેવળ અભાવ છે. તેથી શોકશમનનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

પરંતુ વિશ્વની વેદનાને વાચા આપી એમાંથી સ્વાભાવિક રીતે સ્ફુરતું પ્રગલ્ભ ચિંતન ચમકી ઉઠે છે.

**'મરે મરણ...શાશ્વતી**
**મૃત્યુને મહેફિલ મળી**
**મૌકિતક...દૈવી લોકમાં.**
**કાળ એનો ગ્રાહ્ય.'**

જેવી અનેક ચિરંજીવી પંક્તિઓથી સભર અધ્યાયમાં કૃષ્ણે યોગધારણાથી લીલાસમાપ્તિ કરી પછી સ્મૃતિઓની પરંપરાને વાગોળતી 'પ્રણયમૂર્તિ શી...ભળી...'ને અહીં સંયત કરુણ ને ચિંતન-રસાયણ અને સાતત્ય-એકતા દ્વારા એક અખંડ આકાર મળી ગયો છે.

જન્મોના નાટકરૂપકમાં કવિ કહે છે :

**"મરે મરણ જિંદગી નવ મરે કદી શાશ્વતી**
**સરે સરિતના સમી અવનવીન આલાપતી."**

આગળ કૃષ્ણ કહે છે :

**"તન ત્યાગતણો દીસે સમય સમીપ**
**મૌક્તિક મનતણું આ શરીરની છીપ**
**છોડીને વિહરે પેલા દૈવી લોકમાં**
**એ પછીથી મળે ભલે સ્વજનો સંગીત**
**સંપૂર્ણ સમાપ્ત થશે શરીરતણું**
**ચરાચરે મઢી લઈ પ્રાણતણી પ્રીત."**



આગળ કવિ કહે છે :

**"મૃત્યુને મહેફિલ મળી**
**દિવ્ય આકાંક્ષા ફળી**
**દેવતાની તમારા**
**સુખપ્રદાયક સાન્નિધ્યની**
**કિન્તુ પૃથ્વીને પડી**
**ખોટ કપરી કેટલી**
**શાંતિ સઘળી લાગતી**
**અંતરે એના ટળી."**

શ્રીકૃષ્ણના જ્યોતિર્મય જીવનનો વિષાદ ન કરવા તે કહે છે :

**'કાળ એનો ગ્રાસ ના**
**કદીકાળ કરી શકે**
**બની મૃત્યુંજય ગયું એ તો ચરાચરમાં વસે.'**

આ ૭૦૦ પાનાંની કરુણપ્રશસ્તિ સ્વતંત્ર પુસ્તિકાને પ્રકટ કરવામાં આવે તો, નરસિંહરાવની 'સ્મરણસંહિતા' જેમ એનું 'ઉત્તમ કરુણપ્રશસ્તિકાવ્યકૃતિ' તરીકે મૂલ્યાંકન થઈ શકે.

**–શ્રી મહેન્દ્રકુમાર દેસાઈ**

'સાહિત્ય કે કળાના ક્ષેત્રે કૃષ્ણના નામની બાદબાકી કરવામાં આવે તો ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિની ચેતના જ ખરી પડે.'

**–માવજી સાવલા**

## ॥ કાવ્યાંજલિ : 'પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજીને' ॥

**મળ્યા પહેલાં નિહાળી મેં નિર્મળીનેનની પ્રભા,**
**આત્માની આરસી જેવી વિભૂતિવન્તની વિભા.**
**પછી વાચસ્પતિ-વાણી પુનિતા તપથી રસી,**
**તપસ્વી ! વિનયે-મ્હોર્યા આભિજાત્યે કસી-લસી !**
**સારલ્યે સમતા ભાળી, સૌજન્ય-સરિતા સરી,**
**યોગેશ્વર ! તમારામાં વૃત્તિઓ લીલયાવાળી.**
**ઉત્તરોત્તર ગુણોનો રાશિ તો પ્રગટી રહ્યો.**
**ગુણાનુરાગી આ આત્મા કૃપાપાત્ર કશો થયો !**
**પછી 'પ્રકાશને પંથે' પળ્યા તેની અનુભૂતિ,**
**ઉર્ધ્વગામી, સ્થિતપ્રજ્ઞ, મુમુક્ષુ-પ્રબલાધૃતિ.**
**અષ્ટાંગ યોગનો મર્મ યોગેશ્વર યોગદર્શન**
**પ્રસન્ન ભક્તનું હૈયુ પદોમાં 'ભક્તિવર્ષણે.'**
**આર્યસંસ્કૃતિના સાચ્ચા એલચી ઉપનિષદે.**
**'રામાયણે', 'શિવસ્તોત્ર', 'ગીતા'-'ભાગવતે' બધે.**
**'બિન્દુ'માં શિશુવિષ્ણુને 'તર્પણે', 'માતૃતર્પણ',**
**અનિકેત, સદભુક્ત, ધન્ય સર્વ-સમર્પણ !**
**લોક-સંગ્રહની વૃત્તિ આદિથી અન્ત શું લસી !**
**'ગાંધીગૌરવ'ને 'ગીતા'-યુગપદ્ આપમાં વસી,**
**હોળી શા પ્રગટી આપે દઝાડ્યા કોઈને નથી,**
**શુદ્ધ ઘીના દીવા જેવા તમિસ્ર કાપતા મથી.**
**લેખિની, વાણીથી હીણું કશુંય પ્રગટ્યું નથી,**
**કુરુક્ષેત્રે અનેકોના બન્યા છો ધર્મ-સારથિ.**
**માનસ-સરના હંસા ! ઊર્ધ્વગામી હિમાલયે !**
**અવ્યક્તેથી અવ્યક્તે બ્રહ્મલીન તમો થયે.**

—અનામી



## ॥ શ્રી યોગેશ્વરજીની જ્ઞાનગંગામાં અવગાહન ॥

આજે આ જ્ઞાનસત્રના પ્રસંગે આજના વક્તાનો પરિચય આપવાનું મને કહેવામાં આવ્યું ત્યારે હું મનમાં ને મનમાં મલકાઉં છું અને મૂંઝાઉં છું પણ ખરો ! સામાન્ય રીતે પરિચય વ્યક્તિઓનો હોય અને તે બીજી વ્યક્તિઓ જ કરાવતા હોય છે. આજના વક્તા તો વ્યક્તિ નથી પણ 'વિભૂતિ' છે. એ તો એમના અંગત વ્યક્તિત્વથી ઉપરામ પામેલા છે, ઉપર ઉઠેલા છે. અને જેને પરિચય આપવાનું કહેવામાં આવ્યું છે તે-હું તો સામાન્ય વ્યક્તિ છું, વિભૂતિ નથી. તેમ છતાં જે ભૌતિક ભૂમિકા પર આપણે સૌ (ઊભા છીએ અને જેના ભાન વડે જ આપણે) બધો વ્યવહાર કરીએ છીએ એ ભૂમિકા પર વ્યક્તિવિભૂતિ વચ્ચે જે સેતુ રચાયો છે એ સેતુસંબંધને વધુ સુદ્રઢ-સંગીન બનાવવાનો મને અવસર આપ્યો છે તેનું મારે મન બહુ મોટું મૂલ્ય છે. તે માટે હું સંચાલકોનો આભાર માનું છું.

આપણે બધા આપણી જાતને ઓળખતા હોતા નથી. સંતો તો પ્રથમ પોતાને અને પછી સૌ કોઈને સારી પેઠે પામી જતા હોય છે. અને તેથી જ તેઓ હંમેશાં આપણે આપણી જાતને ઓળખીએ, અને આલિંગીએ એ માટે અનુરોધ કરતા હોય છે. પૂજ્યપાદ યોગેશ્વરજી એવી ઉચ્ચ શ્રેણીની વિરલ વિભૂતિ છે.

આદ્યાચાર્ય કવિ શ્રી નૃ.એ એક પદમાં ગાયું છે કે ''કોઈ હે રે શુધ ઝવેરી, જાણે મેરી હિદ્‌યા કેરી''...કારણ શ્રી યોગેશ્વરજી જેવા સંતોને આપણે આપણી મર્યાદિત મન મતિ આદિકરણોથી સમજી શકવા અસમર્થ છીએ.

સત્તત્ત્વનો સાક્ષાત્કાર કરી ચૂકેલા અને એ જ અનુભૂતિના અનુસંધાનમાં લોકસંગ્રહાર્થે સાહિત્ય પ્રવચનાદિ પ્રવૃત્તિઓ કરતા આ જીવનમુક્ત કર્મયોગીને કિશોરકાળમાં જ પૂર્વજન્મસ્મૃતિ થઈ અને સાચી કેડી લાધી. એટલે એ તો નીકળી પડ્યા. શ્રેયસ્કર સાધનાપંથના પ્રવાસે. વર્ષો સુધીની યાત્રા અને હિમાલયને ખોળે સાધેલી સાધના પછી તેમને જે અમૃત લાધ્યું તેનું વિતરણ કરવા માટે તેમની જીવનસાધના સાથે સાહિત્યસાધના શરૂ થઈ અને તે સહજભાવે ગદ્યમાં અને પદ્યમાં તેમણે લગભગ ત્રીસેક પુસ્તકો લખ્યાં જેમાંના ૭-૮ તો હજાર હજાર પાનાંના દળદાર ગ્રંથો છે. છંદોબદ્ધ, ગેય ઉપરાંત અછાંદસ કવિતા તેમણે રચી વિવિધ છંદો અને રાગોમાં રચાયેલી કૃતિમાં તો મહાકાવ્યના અંશો જણાયા છે. 'ગાંધીગૌરવ' જેવા ઉપનિષદો, ષડ્દર્શનશાસ્ત્રો, રામાયણ, મહાભારત, ગીતા વગેરે પરનાં તેમના વાર્તિક ગ્રંથો ચિંતનીય છે. વળી છપાયું છે એટલું તો લખાયેલું પડ્યું છે અને હજુ તો રોજ લખાતું જાય છે.

મિત્રો ! આવા સંતો જ સમાજના સાચા નેતાઓ છે કે જેઓ પ્રેમ અને પરિશ્રમપૂર્વક તથા ત્યાગ, તપ અને તિતિક્ષાપૂર્વક આપણા સડી જતા સમાજને અને જીર્ણશીર્ણ થઈ રહેલા જીવનને નવજીવન આપે છે. મૂલ્યવિકૃતિ અને વિનષ્ટિના વર્તમાન વિષમયુગમાં શ્રી યોગેશ્વરજી જેવા મનીષીઓ મૂળભૂત માનવમૂલ્યોનું સંરક્ષણ અને આધ્યાત્મિક જીવનના અલૌકિક આદર્શોનું પ્રતિસ્થાપન કરવાનો ભગીરથ પુરુષાર્થ કરતા હોય છે. એની પાછળ એમના નિષ્કામ અંતઃકરણની અનુકંપા જ હેતુભૂત હોય છે. પૂજ્ય શ્રી માત્ર ૩-૪ માસ જ હિમાલયમાં કે મસૂરીમાં નિવાસ કરે છે અને બાકીનો ૮-૯ માસ જનકલ્યાણ



માટે પરિવ્રાજક બની વિહરતા હોય છે.

આપનો વધુ વખત ન લેતાં એક જ વાત કરીશ, કે તેમનાં પ્રવચનો બહુ ઉચ્ચ કોટિનાં હોય છે. તે સાચા અર્થમાં ક્રાંતિકારી હોય છે. તેઓ ખંડન-મંડન પ્રવૃત્તિમાં પડતા નથી પરંતુ તેમના નિર્વ્યાજ, નિખાલસ હૃદયમાંથી વહેતી જ્ઞાનગંગા સૌના હૃદયને સ્પર્શી જાય છે. વડોદરામાં સરદારભુવનમાં દર સાલ અને હાલમાં ૩ અઠવાડિયાથી તેમનાં પ્રવચનો જેમણે સાંભળ્યાં હોય, તેઓ મારી માફક જરૂરથી કહી શકશે કે તેઓ પ્રવચનો કરતા નથી, પરંતુ 'પશ્યંતીનો પ્રસાદ' પીરસતા હોય છે.

પૂજ્યપાદ શ્રીયોગેશ્વરજીની હૃદયગુહામાંથી વહી રહેલી જ્ઞાનગંગાના પુનિત પ્રવાહમાં પરિપ્લાવિત થયેલા ભાવિક સજ્જનો અને સન્નારીઓ.

અત્યારના કાર્યક્રમમાં આપણે આપણી કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરવા ઉપસ્થિત થયા છીએ. શ્રીયોગેશ્વરજીનું દિવ્યજીવન, તેમની સાહિત્યસેવા અને પ્રવચનપરિપાટી વિશે ઘણીવાર મેં ઘણું ઘણું કહ્યું છે એટલે આજે તેની પુનરાવૃત્તિ કરતો નથી, પણ બે-ત્રણ વિશેષતાઓ તરફ આપનું ધ્યાન ખેંચીશું.

સદાય સંશયમુક્ત ભૂમિકામાં રહીને તેઓ માત્ર ધર્મપ્રચારક કે સંસ્કૃતિપ્રચારક તરીકે જ નહીં પણ સાચા સમાજસુધારક તરીકે પ્રવૃત્તિ કરી રહ્યા છે. એક બાજુથી અશ્રદ્ધાનું અને બીજી બાજુથી અંધશ્રદ્ધાનું અપહરણ કરીને તેઓ જનમનની જાગૃતિ અને લોકમાનસની સમૂળી ક્રાંતિ કરનારા સાચા લોકશિક્ષક છે.

ગીતાના ફક્ત અધ્યાયને તો માત્ર નિમિત્ત બનાવીને તેમણે તો સમસ્ત જ્ઞાનના સારાય ખજાનાને ખુલ્લો મૂકી દીધો છે. હું સમજ્યો છું તે પ્રમાણે તેમની ઉપદેશધારાના કેન્દ્રમાં ત્રિવેણી

સંગમ રહેલો છે, ભારતીય તત્ત્વજ્ઞાન (તથા યોગ), ભારતીય સંસ્કૃતિ અને ભારતીય સંતો. તેમની ખૂબી તો જુઓ, ધારણા, ધ્યાન અને સમાધિના ત્રણ બિન્દુઓમાંથી તેમણે ત્રણ સ્તોત્રો વહાવ્યા છે. સૌપ્રથમ બ્રહ્મવિદ્ બનવા માટેની ભૂમિકાનું નિર્માણ પછી (૨) બ્રહ્મદર્શી બનવા માટેનો સાધનાક્રમ અને છેવટે (૩) બ્રહ્મનિષ્ઠ બ્રહ્મૈવભવતિનું ચરમશિખર-કે જે સિદ્ધ કર્યા પછી તેમના જેવા વિરલ બ્રહ્મવિહારી યોગીઓ, કેવળ દિવ્યચેતનાથી પ્રેરાઈને હરિના હાથનું હથિયાર બનીને લોકસંગ્રહાર્થે વિહરતા હોય છે.

એમનાં પ્રવચનોની ત્રીજી ખૂબી જોઈએ. અહીં ત્રણ પ્રકારનો શ્રોતાસમુદાય આવે છે. એક તો ઓછું ભણેલાં ભાઈબેનો, કિશોરો અને યુવાનો આવે છે. તેઓ તો હોંશે હોંશે તેમના પ્રવચનપીયૂષનું પાન કરે છે. તો બીજા નહીં ભણેલા ભાવુકી અને સારા અભ્યાસુ સાધકો પણ આવે છે. તેઓ પણ પૂર્ણ પરિતૃપ્તિ અને પ્રશાંતિને પ્રાપ્ત કરે છે. તો ત્રીજો વર્ગ વિશિષ્ટ પ્રકારનો છે જેમાં બુદ્ધિપ્રવીણ સાહિત્યકારો, કવિઓ, વિદ્વાનો, વિજ્ઞાનવિશારદો, વકીલો, ડૉક્ટરો, એન્જીનીયરો વગેરેનો સમાવેશ થાય છે. આ વર્ગની તર્કની ધાર અત્યંત તીક્ષ્ણ હોય છે. પરંતુ સ્વામીજીના પ્રવચનોથી પ્રભાવિત થયેલા એ સૌને મેં મુક્ત કંઠે પ્રશંસા કરતા સાંભળ્યા છે. આમ તેમની પ્રવચનપદ્ધતિ એક બાજુથી ઓજસ્વી આદિત્ય જેવી તો બીજી બાજુથી ચારુ ચાંદની જેવી આબાલવૃદ્ધ સૌ કોઈને રસતરબોળ કરી દે છે. ગગનગહન વેદાંતયોગના ગૂઢ રહસ્યોને હસ્તામલક બનાવનારી એમની મનહર મનભર શૈલી પ્રસન્નગંભીર છે. હું તો એમ કહીશ કે આ રીતે એમણે ભાષાસાહિત્યની અજોડ સેવા



કરી છે. શિષ્ટ ગૌરવાન્વિત ભાષા સાંભળવાની અને સમજવાની સૌની સૂઝ એમણે ઉઘાડી છે. રોજ પ્રવચનમાં આવતાં કેટલાંય કિશોર કિશોરીઓ ઘેર માબાપ સાથે વાતચીતમાં સુચારુ, પરિપ્લાવિત, અભીપ્સા, અનુભૂતિ જેવા શબ્દો વાપરતા થઈ ગયા છે. સૂક્ષ્મ દૃષ્ટિએ વિચારો તો જણાશે કે સુરુચિ-સમાર્જનની આવી અપૂર્વ સેવા તો કોઈ કહેવાતા સાક્ષરે પણ કરી નથી. એમની અક્ષરલીલામાં મિથ્યા વાણીવિલાસ નથી હોતાં પણ અનુભૂતિની અભિવ્યક્તિ હોય છે.

મિત્રો ! છેલ્લે તેમની સાહિત્યિક વિશિષ્ટતા જણાવીને હું બેસી જઈશ. શબ્દોના સાથિયા પૂરનારા વિદ્વાનો વાદવિવાદ અને વિખવાદ વધારે છે જ્યારે યોગેશ્વરજીએ તો વિવેચનનો વિશદ આદર્શ પૂરો પાડ્યો છે. એક-બે દાખલા આપીશ.

कार्य कर्म करोति यः આવ્યું ત્યારે મને થયેલું કે યોગેશ્વરજી પણ કાર્ય વિશેષણને સાહિત્યિક અભિગમથી સમજાવશે. પણ એમણે તો Internal Evidenceના શાસ્ત્રીય માનદંડ પ્રમાણે ગીતાનો ગીતા દ્વારા જ અર્થ કરવાની ચાવી બતાવી. તે જ પ્રમાણે યોગના લક્ષ્ય તરીકે आत्मविशुद्धये શબ્દ પ્રયોગ આવ્યો ત્યારે તેમણે તેના અર્થઘટનમાં आत्मविशुद्धि અને आत्मविशोधन બન્ને ઉપાન્ત્ય અને અંત્ય લક્ષ્યાંકોનો સમન્વય કરી બતાવ્યો. ગીતા વિશે મેં કેટકેટલા સંસ્કૃત અંગ્રેજી ગુજરાતી ભાષાનાં પુસ્તકો વાંચ્યા વિચાર્યા છે પણ પરમ દિવસે તેમણે युक्त योगीની સમજૂતી વખતે જે વિશદ પણ વિરાટ શબ્દચિત્ર ખડુ કર્યું. તેનાથી તો હું આશ્ચર્યચકિત થઈ ગયો ! એ તો એમના જેવા ખરેખર યુક્ત યોગી હોય તે જ એવું યુક્ત યથાર્થ ચિત્ર આપી શકે. એમના પ્રશસ્ય છંદપ્રભુત્વ વિશે તો મેં લખેલું જ છે.

તેમણે યથા દીપો નિવતિસ્થાને બદલે પ્રદીપોની જે નવી પંક્તિ રચી તે બહુ સૂચક છે.

મિત્રો ! જ્યારે એમની કવિતા હું વાંચું છું ત્યારે મારું કવિહૃદય તેમાં ડૂબી જાય છે. હમણાં જ તેમનો છસો પાનનો રામાયણનો કાવ્યગ્રંથ છપાઈ રહ્યો છે. બહુ સુંદર અને મૌલિક છે. ૧૫૭ પ્રકરણોમાં એમણે આત્મચરિત્ર લખ્યું છે. એમનું ચરિત્ર એટલે યોગીવર્યનું ચિત્ર.

અંતમાં એમના રામાયણના જ રૂપકોનો આશ્રય લઈને હું કહીશ કે તેમના જેવા સંતો તો 'રામસિંધુ...ચંદન તરુ...'ના પ્રતિનિધિ છે. એમનો સત્સંગ આપણને કાકમાંથી પિક અને બકમાંથી હંસ બનવાની શક્તિ પ્રદાન કરે છે. એમના પુનિત પદચરણમાં પ્રણામ કરીને આપણે જરૂર સકામ પ્રાર્થના કરીએ કે આપ પુનઃ પધારો ત્યાં સુધીમાં અમે આપના કૃપાકણથી, આપની જ આંકેલી કેડી પર ઘણા આગળ નીકળી ચૂક્યા હોઈએ એવો આશીર્વાદ આપો.

મિત્રો ! આપના બધાના વતીથી તેમના જ શબ્દોમાં હું કહીશ કે 'अनुग्रहितोस्मि'।

**–પ્રૉ. મહેન્દ્રકુમાર દેસાઈ**

(પ્રેમાનંદ સાહિત્યસભામાં શ્રી યોગેશ્વરજી પરનો વાર્તાલાપ)

'To have great poets there should be great audience too.'

**–વોલ્ટ વ્હિટમન**



# ॥ શ્રી યોગેશ્વરજીની સંકલ્પસૃષ્ટિ : 'સ્વર્ગારોહણ' ॥

મને ઘણીવાર એવું થતું કે, જે ભૂમિમાં અમે અમારા બાળપણને અનેક નાના મોટા પ્રસંગોથી દીપાવ્યું હોય...જ્યાં પૂ.'મા'નો પ્રેમાળ સંસ્પર્શ પામ્યા હોઈએ. જ્યાંની નાની મોટી શીખથી અત્યાર સુધીના જીવનને અમે શણગાર્યું હોય. એવા આ મહાન ''સ્વર્ગારોહણ'' વિશે આપણા મનના ભાવો ને વિચારોને સૌ સમક્ષ રજૂ કરવા જોઈએ. પરંતુ સાચુ કહું તો મને એક જાતનો ડર લાગતો કે, શું ''સ્વર્ગારોહણ''ને હું શબ્દો દ્વારા ન્યાય આપી શકીશ ? શું ''સ્વર્ગારોહણ''ની વ્યાખ્યા, એના નિર્માણ પાછળના ઈતિહાસ કે ''સ્વર્ગારોહણ''માં બનેલી દરેક નાની મોટી ઘટનાની તવારીખ પૂરતી જ સીમિત છે ? આપણે કહીશું. 'ના. અરે. ભારપૂર્વક કહીશું કે ના, ''સ્વર્ગારોહણ'' તીર્થ સાથે મારા જેવા અનેકના સેન્ટિમેન્ટ ને ઈમોશન જોડાયેલા છે. આ એક એવી ભૂમિ છે, જ્યાંથી હંમેશા કંઈક ને કંઈક પામવાનું જ હોય છે. ને બદલામાં આપણે એને ફક્ત સમય જ આપવાનો હોય છે. છતાં દુઃખ સાથે કહેવું પડે છે, કે આપણે એને પૂરતો સમય પણ નથી આપી શકતા. જીવનભર જ્યાંથી અનેક ઘણું પામ્યા, એનો બદલો તો આપણે શી રીતે વાળી શકીએ ?' એટલે મનમાં એવી ઈચ્છા થઈ કે, ''સ્વર્ગારોહણ''ના માહાત્મ્યને ઉજાગર કરવો જોઈએ, એના સર્જનકર્તા પૂજ્ય ''મા''ને સમજવાનો આપણે પ્રયાસ કરવો જોઈએ. અને અમારી આવી આંતરિક ઈચ્છાને સાકારરૂપ આપવાના દૃઢ નિર્ધાર સાથે ''સ્વર્ગારોહણ'' અને પૂજ્ય ''મા'' વિશે કંઈક કહેવાની હિંમતને અમે કેળવી શક્યા છીએ.

મને મનમાં કોઈવાર એવો પ્રશ્ન થતો કે, અવતારી મહાપુરુષ એટલે શું ? પછી વાંચન ને અનુભવના આધારે અને વડીલોની સાથે જ્ઞાનગોષ્ઠિ દ્વારા એવું અનુમાન કર્યું કે ઈશ્વર કે ભગવાન સ્વયં માનવ દેહ ધરી પૃથ્વી પર અવતરે એ 'અવતારી' મહાપુરુષ કહેવાય ને એમના દિવ્ય જીવન દ્વારા થતા દરેક લૌકિક કર્મો એ એમની 'લીલા' ગણાય.

એ રીતે આપણા ''પ્રભુ''એ દિવ્ય લીલા દ્વારા પોતાના ચરણકમળોના પુનિત પગલાંથી આ ભૂમિને પાવન કરી, ને એના પર તીર્થસર્જન માટે પસંદગીની મહોર લગાવી. અને પૂ.''મા''એ એની યથાર્થતાને સમજી, પોતાની દિવ્ય લીલા દ્વારા આ મહાન તીર્થનું સર્જન કર્યું.

**પદ ૧ :** 'સ્વર્ગારોહણ તીર્થ મહીં યોગેશ્વર પ્રભુ નમો નમઃ'

હવે બીજો પ્રશ્ન થાય કે ''સ્વર્ગારોહણ'' એક જીવંત તીર્થ શા માટે ? કારણ...''સ્વર્ગારોહણ''નો અણુ એ અણુ પાવિત્ર્યથી સભર છે. જ્યાં આપણા મનને શાંતિ, આત્માને તૃપ્તિ, ને શરીરને સ્વસ્થતાની પ્રાપ્તિ થાય છે. જ્યાં આધિ, વ્યાધિ કે ઉપાધિનું નામોનિશાન ના રહે, જ્યાં દરેક ક્ષણે કંઈક ને કંઈક પામવાનું મન થાય. કંઈક શીખવાનું મળે. અરે...''સ્વર્ગારોહણ''માં વસતી દરેક વ્યક્તિની ફરતે જાણે એક 'રક્ષાકવચ' રચાઈ જતું હોય છે. એ 'રક્ષાકવચ' ફક્ત શારીરિક તકલીફ કે નાની મોટી ઈજા પૂરતું જ સીમિત નથી. પરંતુ માનસિક અને આત્મિક શાંતિ માટે પણ એની અસર વર્તાતી હોય છે. મનમાં ઉત્પન્ન થતાં અહંભાવ તથા મોહમાયાથી રક્ષા...પ્રલોભનો તથા કુવિચારથી રક્ષા...નકામાં વળગણોથી રક્ષા...અને કોઈના પ્રત્યે રાગ-દ્વેષ કે નિંદા-ટીકાથી પણ



રક્ષાયેલા. અને એનું શ્રેય ફક્ત ને ફક્ત પૂ.''મા''ના સંકલ્પ ને તપોબળને આભારી છે. એવા આ ''સ્વર્ગારોહણ''નું દરેક સ્થાન આપણા સૌ માટે પૂ.''મા''નાં સંસ્મરણો સાથે સંકળાયેલું છે. આવા આ મહાન ''સ્વર્ગારોહણ'' રૂપી મૂડી અમને તો જાણે વારસામાં મળી હોય એમ નાનપણથી જ અમે આ ભૂમિ સાથે સ્નેહસંબંધથી જોડાયેલા છીએ.

આપણા ''પ્રભુ''ને પોતાના સાધનાકાળ દરમ્યાન યોગ્ય સ્થળની પસંદગી માટે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. ક્યાંક પાણીની અછત વર્તાતી, તો ક્યાંક શાંત એકાંત વાતાવરણનો અભાવ જણાતો. એટલે પ્રભુની એવી ભાવના હતી કે પૂ.''માતાજી''ના નામે એવા એક તીર્થનું સર્જન થાય, જ્યાં કોઈને પણ આધ્યાત્મિક ઉન્નતિના માર્ગ પર આગળ વધવું હોય, તથા સાધનામમય જીવન જીવવાની ઈચ્છા હોય, તે સ્વતંત્ર રીતે આવા સ્થાનનો લાભ લઈને પોતાના જીવનને ધન્ય બનાવી શકે,...કૃતાર્થ કરી શકે...

**પદ-૨ :** 'એક એવું તીર્થ મુજને છે મળ્યું, જીવનભર જન્મો જનમ જ્યાં રહી શકું....'

''પ્રભુ''ની કોઈપણ ઈચ્છા,...પૂ.''મા''ને શાંતિથી બેસવા દે ખરી ?...અને સાચે જ પૂ.''મા''એ આ ભૂમિને મહાન તીર્થનું બિરૂદ આપવા માટે પોતાના પ્રાણ રેડ્યા. જેમ પ્રભુએ ''મા જગદંબા''ને પૃથ્વી પર પ્રગટાવવા, લોહીનાં પાણી કર્યા, હાડમાંસ ગાળી દે તેવા પુરુષાર્થનો ઈતિહાસ રચ્યો. પોતાની માનસિક અવસ્થાને એટલી હદે ઊંચે લઈ ગયા કે શરીરનું જાણે કોઈ ભાન જ ના રહ્યું. તેમ ''મા'' એ પણ આ ભૂમિમાં પોતાના અથાગ પરિશ્રમ દ્વારા,...પ્રભુ પ્રત્યેના સમર્પણ ભાવ તથા પ્રેમને પ્રદર્શિત

કર્યો છે. પોતાની પ્રગટ ઉપસ્થિતિની સાથે સાથે જપ-તપ, ઉપવાસ, પ્રાર્થના, પ્રણામ, મૌન, પારાયણની એ દિવ્ય તપશ્ચર્યાને ''સ્વર્ગારોહણ''ના નિર્માણના કણ કણમાં ભરી દીધી અને એક સુંદર સંકુલનું નિર્માણ થયું. અને એ પછી પણ સર્જન-વિસર્જનની અનેક પ્રક્રિયામાં પૂ.''મા'' એ જાતે શ્રમયજ્ઞ કર્યો છે. સિમેન્ટના તગારાં, ઇંટો ને કાટમાળની ગુણો ઉંચકતાં ''મા''ને મેં જોયાં છે. અને પૂ.''મા''ના આવા દર્શનથી અમારી અંદરનો જુસ્સો પણ બેવડાઈ જતો અને આવા શ્રમયજ્ઞની ફલશ્રુતિરૂપે આજે ''સ્વર્ગારોહણ''ની સુંદરતાને આપણે જોઈ શકીએ છીએ.

આદિકાળના ઉપવનની યાદ અપાવે એવા આપણા ''સ્વર્ગારોહણ''ના બાગનું સૌંદર્ય પણ અદ્‌ભુત છે. પૂ.''મા''એ જાતે અનેક ભક્તો સાથે મળીને ઘણા ફેરફારોને અંતે એને સુંદર ને ઉત્કૃષ્ટ બનાવ્યું છે. રંગબેરંગી ફૂલછોડ પર પચરંગી પતંગિયાં નૃત્ય કરતાં જોવા મળે. અહીંની શાંતિ ને નયનરમ્યતા આપણા મનને સહજ રીતે ઊર્ધ્વ તરફ ગતિમાન કરવામાં સહાયભૂત બને છે.

''સ્વર્ગારોહણ''ની સરહદ સૂચવતી દીવાલને ફરતે સુરક્ષારૂપે બોગનવેલની વાડ અને આસોપાલવનાં વૃક્ષોથી સુશોભિત બનાવી છે. એના મધ્યભાગમાં એક મોટું નારિયેળીનું વૃક્ષ સુંદરતાની શોભા વધારવાની સેવા બજાવતું ઊભું છે. નારિયેળીને આપણે કલ્પવૃક્ષ તરીકે ઓળખીએ છીએ, પણ આ તો કલ્પવૃક્ષના બિરુદને છોડીને એક ''દેવવૃક્ષ'' તરીકે શોભી રહ્યું છે...એની આગળ ખડે પગે સૌના કામ કરવા તત્પર એવા આપણા ''પ્રભુ''ના આકારનું સ્વરૂપ છે.

**પદ-૩ :** 'કલ્પવૃક્ષ છે કેવું મજાનું, શ્યામસખાએ એને બનાવ્યું....'



પૂ.''મા'' એ એક શિષ્ટ આમન્યા-પ્રથા પ્રસ્થાપિત કરી છે કે, ''સ્વર્ગારોહણ'માં પ્રવેશતા દરેક સાધકે સૌ પ્રથમ પ્રભુને પ્રણામ તથા પ્રાર્થના દ્વારા હૃદયને ખાલી કરવાનું છે.'' અને 'સ્વર્ગારોહણથી વિદાય થતી વખતે, ''સ્વર્ગારોહણ''ના નિવાસ દરમ્યાન જે સાત્ત્વિક ભાથું ભર્યું છે એને અકબંધ રાખવાની પ્રાર્થના સાથે પ્રણામ કરીને જ વિદાય લેવાની. જેથી ''સ્વર્ગારોહણ'' છોડીને આપણે જ્યાં પણ જઈએ ત્યાં પણ આપણા મનની રક્ષા થાય...'

**પદ-૪ :** 'મૌની દ્વાર આ સ્વર્ગારોહણનું, આવો-આવજો મંત્ર એ જપતું...'

''સ્વર્ગારોહણ'' એટલે સમગ્ર આધ્યાત્મિક વ્યક્તિત્વના વિકાસનું પરમધામ, અહીં નથી કોઈ સંપ્રદાય કે નથી કોઈ વાડાબંધી, સહુને જે ગમે તે ઈશ્વરના સ્વરૂપને ભજી શકે છે. ઉપાસનાના પાયામાં માનવતા અને માનવમૂલ્યના વિકાસનો હેતુ રહેલો હોય છે. અહીં પૂ.''મા''નું માર્ગદર્શન અને ''પ્રભુ''ના સતત દિવ્ય આશીર્વાદનો સુભગ સમન્વય છે.

પ્રેમની આ ભૂમિ ''સ્વર્ગારોહણ''માં, સંસારના લક્ષ્મીવંતોને પણ એકવાર લક્ષ્મીનો ભાર ઉતારીને શાંતિ અને પ્રેમની આ દુનિયામાં મસ્ત બનીને જીવવાની ઈચ્છા થઈ જાય. જે શ્રદ્ધાવાન છે, જેના હૃદયમાં ''સ્વર્ગારોહણ'' પ્રત્યે પ્રેમ છે. એના હૃદયના ભાવો કંઈક અંશે આવા જ હશે.

આજના યુગમાં જ્યાં પૌરાણિક શ્રદ્ધા-બાહ્ય પૂજાવિધિ કે, આડંબરોમાં અટવાઈ ગઈ છે. સુવર્ણરચિત ઉત્તુંગ મંદિરો રચાય છે, મણિમુક્તકોની રેલમછેલ થાય છે. મંદિરોમાં રાજદરબાર જેવા ભપકાઓ થાય છે. કિમતી સાજ-શૃંગારો ને મોંઘી ભેટોથી

ભગવાનની પ્રસન્નતા પામવાના વ્યર્થ પ્રયાસ થાય છે. અને નિરાંડબરી શ્રદ્ધાથી સંપન્ન ભક્તિનો લોપ થતો જાય છે. ત્યાં ''સ્વર્ગારોહણ'' આપણને ઈશ્વરની પ્રસન્નતા પામવાનો રાજમાર્ગ બતાવે છે. સાચી આધ્યાત્મિકતા શું છે ? એ શીખવે છે. માનવતાની માવજત દ્વારા સૌ સાથે વિવેકયુક્ત વ્યવહાર કરવાની સમજણ મળે છે. 'ઈશ્વરને આપણી લક્ષ્મી નહીં, પણ શ્રદ્ધા ને પ્રેમસભર હૃદય જ જોઈએ છે.' આપણી લક્ષ્મીથી મંદિરોનાં અધિપતિઓ ને પાખંડીઓની તિજોરી ભરાય એના કરતાં કોઈ ગરીબ કે હૂંફના હકદારનાં જીવનમાં જરૂરિયાતરૂપે પ્રવેશ પામે એ ઇચ્છવા યોગ્ય છે. ''સ્વર્ગારોહણ''માં થતાં અનેક સત્કર્મો દ્વારા ''મા'' આપણને એ દિશામાં સભાન ને જાગ્રત રાખે છે. સત્કર્મોને ''સ્વર્ગારોહણ''ની આગવી ઓળખ માટેનું એક મહત્ત્વનું અંગ પણ ગણી શકાય. ''પ્રભુ''એ પોતાના પ્રવચનો દરમ્યાન જે જે પ્રકારના સત્કર્મોની વાત કરી તે દરેક જાતના સત્કર્મોને ''સ્વર્ગારોહણ''ના માધ્યમ દ્વારા પૂજ્ય ''મા''એ સાકાર કર્યા છે. જેમાં વિદેશના ભક્તોનાં યોગદાન કે ફાળો મહત્ત્વનાં હોય છે. પોતાની લક્ષ્મીને શુદ્ધ કરવાના ઉદ્દેશથી આવાં સત્કાર્યો યોજાય છે એ ઇચ્છનીય છે. મોટા મોટા શ્રીમંતો પણ અહીં ઝૂકીને નમ્રતાથી દાન આપવાની પ્રણાલિકામાં સહભાગી થાય છે.

**પદ-૪ :** 'અમે ખીલી ને ઝૂકી જઈએ...'

''સ્વર્ગારોહણ''માં દર કલાકે સંભળાતો 'મંત્રજપ' આપણને એ વાતની યાદ અપાવે છે કે આપણા ''સ્વર્ગારોહણ''ના નિવાસ દરમ્યાનનો એક કલાક ઓછો થઈ ગયો ! ''સ્વર્ગારોહણ''ની દિવ્ય ભૂમિમાં આવીને આ કલાકમાં આપણે શું પામ્યા ? પૂ. ''મા''ના સ્મરણ સાથે એવી પ્રાર્થના કરીએ કે, ''મા'' અમારા



ચાલુ જીવનમાં અમે પ્રલોભનોના દાનવને પરાસ્ત કરીને જાગૃતિની દિશામાં સભાનપણે અને સ્વમાનભેર જીવી શકીએ એવી કૃપા કરજો. દર કલાકે ''પ્રભુ'' પાસે આપણાથી થયેલી ભૂલોની ક્ષમા માગીએ. નવી નવી પ્રાર્થનાનો સહારો લઈ જીવનને સુંદર બનાવીએ. '''મા''...પ્રયત્ન અમારો પણ સફળતા માટેની કૃપા તો આપની જ...'

''સ્વર્ગારોહણ''ના દૈનિક કાર્યક્રમમાં ચાર બેઠકો મુખ્ય છે :
**(૧) સવારની પ્રભાતવંદના :** પ્રભાતના શાંત અને સૌમ્ય વાતાવરણમાં મન શાંતિનો અનુભવ કરતું હોય ત્યારે હાથ જોડી કુટિયાની પ્રદક્ષિણા કરતાં બાવની દ્વારા ''મા-પ્રભુ'' પ્રત્યેના આપણા પૂજ્યભાવને દર્શાવવાનું...એ પછી પ્રભુના સ્વરૂપ સન્મુખ ''મા'' રચિત પદ ગવાય છે :

'''સ્વર્ગારોહણ'' તીર્થ ભૂમિને જગમંચે પ્રગટાવીશું.
''યોગતીર્થ''ની પગદંડી પર પુનિત પગલાં પાડીશું.
પ્રદક્ષિણા કુટિયાની કરતાં કુકર્મોને બાળીશું.
સત્કર્મોની સુગંધ રેલી સદ્ગુરુને દીપાવીશું.
સર્વમંગલ કરતાં કરતાં અધ્યાત્મજગે વિચરીશું.
પ્રગટાવ્યા પ્રભુ અમ વચ્ચે એ ઉપકારોને ના ભૂલીએ.
''મા સર્વેશ્વરી''ના નાથ આશિષ આપો આજ...'

''મા'' આપના આ પદના શબ્દોને અમે સાર્થક કરીએ એવું જીવન આપજો. આ પદના અનુસંધાનમાં, આજના પવિત્ર દિવસે મારા તરફથી હું એટલી ખાત્રી આપું છું કે જીવનભર હું ''સ્વર્ગારોહણ''ને નહીં છોડું, પણ ''મા'', આપની કૃપાની અપેક્ષા તો હંમેશાં રહેશે, તો જ હું મારી આ આંતરભાવના ફળીભૂત કરી શકીશ.

આવી પ્રાર્થના પછી સમૂહ પ્રણામ અને નિત્ય પ્રાર્થના.

(૨) **પ્રણામ :** એ અહંશૂન્ય જીવન જીવવા માટેનું અમોઘ શસ્ત્ર છે. પ્રણામ એ ''મા-પ્રભુ''ની પ્રસન્નતા પામવાનો રામબાણ ઇલાજ છે. પ્રાર્થના સાથેના પ્રણામથી મન હળવું અને તન સ્ફૂર્તિલું બને છે. બીજી બધી મોટી મોટી સાધના અને ભારેખમ નિયમોને બદલે શ્રદ્ધા થકી પ્રણામના નિયમને રોજીંદા જીવનમાં વણી લઈએ એ જ આપણી સાધના. એવું મારું માનવું છે. પ્રણામ કરતી વખતે આપણી અંદર રહેલા દુર્ગુણોને યાદ કરીને પ્રાર્થના દ્વારા એને દૂર કરવાના પ્રયત્ન કરીએ. હું એવું ઇચ્છું છું કે, મારા જેવા દરેક યુવાન, જેને ''મા-પ્રભુ''ના પ્રિય બનવું હોય, એને તો નાનકડો પણ પ્રણામનો નિયમ રાખવો જ જોઈએ. આપણે માટે આ પ્રણામપૂજા, એ સર્વોત્તમ સાધન છે.

(૩) **બીજી બેઠક પ્રભુની અમૃતવાણીનું શ્રવણ :** બીજી બેઠકમાં મુખ્યત્વે પ્રભુની અમૃતવાણી સાંભળવાની, યોગ, ભક્તિ, કર્મ, સાચી આધ્યાત્મિકતા, ધર્મ, શ્રદ્ધા અને માનવતા જેવા વિવિધ વિષયો પર સાચું માર્ગદર્શન પ્રભુની આ અસ્ખલિત અમૃતવાણીમાંથી મળતું રહે છે.

આ બેઠકમાં ક્યારેક પૂ.''મા''ના સુખદ દર્શનનો લાભ પણ મળી જાય છે. પૂ.''મા'' ક્યારેક હાસ્યરસ દ્વારા સૌને જ્ઞાન પીરસે છે. એમની નાની રમૂજ પાછળ કંઈક ને કંઈક શીખ છુપાયેલી હોય છે. આ બેઠકમાં ઉત્સાહી જિજ્ઞાસુઓને જોઈ પૂ.''મા'' ખૂબ પ્રસન્નતાનો અનુભવ કરે છે. એ પછી, 'જેના ભાવસભર પૃષ્ઠોમાં અંકિત થયેલા શબ્દોમાં આવતી કાલના મહાન ગ્રંથસર્જનની સામગ્રી પડેલી છે.' એવી 'પૂ.''મા''ની અમૂલ્ય ડાયરી'નું વાંચન થાય, તો કોઈવાર શ્રી''યોગેશ્વર કથામૃત''નું, જેમાંથી દરેકને



કંઈક ને કંઈક ભાથું મળી રહે છે. શ્રી''યોગેશ્વર કથામૃત'' એટલે, ''પ્રભુ'' સાથે માણેલી દિવ્ય સંનિધિની નોંધ...એમાં, આપણી શ્રદ્ધાને દૃઢ કરવા માટે ''પ્રભુ'' ક્યારેક પોતાના સામર્થ્ય ને દિવ્યતાને રહસ્યમય રીતે પ્રગટ પણ કરતા રહે છે.

(૩) **ત્રીજી બેઠક :** ''યોગતીર્થ''માં ''પ્રભુ''ના દિવ્ય જીવન સાથે સંકળાયેલી મહત્ત્વની વસ્તુઓ તથા સ્વરૂપોનાં દર્શન કરતાં કરતાં મંત્રગાન સાથે પ્રદક્ષિણા કરવાની અને ઇચ્છુક સાધકો માટે એક કલાક વાંચનનો કાર્યક્રમ. ''પ્રભુ''ના લગભગ બધા જ ગ્રંથો તથા પુસ્તકો, પૂ.''મા''ની અદ્‌ભુત ડાયરીઓ તથા અન્ય પ્રેરક પુસ્તકો એક હૉલમાં ઉપલબ્ધ કરેલાં છે.

''યોગતીર્થ'' એટલે ''પ્રભુ''ના દિવ્ય જીવન સાથે સંકળાયેલા મહત્ત્વના પ્રસંગોની સ્મરણયાત્રા. ''પ્રભુ''ના જીવન સાથે સંકળાયેલા દરેક પ્રસંગને તથા વસ્તુને પૂ.''મા''એ ખૂબ જ ઉત્કૃષ્ટ રીતે પ્રદર્શિત કર્યાં છે. એમાં મૂકાયેલા પ્રત્યેક સ્વરૂપ અત્યંત જીવંત-ચિન્મય લાગે. અને એમાં પણ ''પ્રભુ''ના યુવાનવયના મોટાં સ્વરૂપોમાં ''પ્રભુ''ની તેજસ્વી આંખોમાં રહેલી સાધનાની ખુમારી સ્પષ્ટપણે જોઈ શકાય છે. તેજસ્વી મુખાકૃતિને જાણે હમણાં જ વાચા ફૂટશે ને ''પ્રકાશના પંથે''ના પૃષ્ઠોમાં અંકિત થયેલા સાધનાના એ મહાન ઈતિહાસનું આપણને શ્રવણ કરાવશે ! પૂ.''મા'' દ્વારા દરેક પ્રસંગને અનુરૂપ લખાયેલા ભાવવાહી લખાણમાં આપણને ''પ્રભુ''ના દિવ્ય જીવનમાં ડુબાડી દેવાની તાકાત રહેલી છે. ''યોગતીર્થ''માં કયું સ્વરૂપ કે વસ્તુ ક્યાં ગોઠવી છે ? તેનું વર્ણન હું નહીં કરું કારણ કે, આપણે સૌએ એ સર્વના દર્શન કર્યાં જ છે. પરંતુ એ શા માટે મૂકાયું છે ? એ મહત્ત્વની વાત છે. ''સ્વર્ગારોહણ'' આવો ને ''યોગતીર્થ''નાં

દર્શન ના કર્યાં, તો તમારો ફેરો અધૂરો સમજજો. ''યોગતીર્થ''નાં દર્શન એ પ્રભુના દિવ્ય જીવનને સમજવાની દિશામાં પહેલું પગથિયું ગણાશે. સાચું કહું તો, ''યોગતીર્થ'' તો અમારા જેવા યુવાનો માટે ''પ્રકાશના પંથે''માં ડોકિયું કરવાની આમંત્રણપત્રિકા છે. આ મહાન ગ્રંથમાં ઉત્તમ જીવન જીવવાના રહસ્યો છપાયેલાં છે, કહો કે છુપાયેલાં છે. ''મા સર્વેશ્વરી''ના પ્રાગટ્ય પાછળનો પરોક્ષ પરિચય ''પ્રભુ''ના એ મહાન સાધનાત્મક ઈતિહાસમાં લખાયેલો છે. આવી મહાન તપશ્ચર્યાની ફલશ્રુતિ ''મા જગદંબા''નું અવતરણ જ હોઈ શકે. આ વાત આપણે જેટલી જલદી સમજી લઈશું એટલું આપણા લાભમાં જ છે.

(૪) **ચોથી બેઠક :** અંતિમ બેઠકમાં બાવની સાથે ''સ્વર્ગારોહણ''ની પ્રદક્ષિણા પછી સંકીર્તન, ને બેઠકના ઉત્તરાર્ધમાં અચૂક પૂ.શ્રી''મા''ના દર્શનનો લહાવો મળે છે. ''શ્રી યોગેશ્વર કથામૃત'', ''પડદા ઓથે પ્રભુ'' અથવા પૂ.''મા''ની ડાયરી કે બીજુ સારું વાંચન, ભક્તોના વાર્તાલાપો, પ્રોજેક્ટરના માધ્યમ દ્વારા પૂ.''મા-પ્રભુ''નું દિવ્ય દર્શન અથવા બીજા સંતોના પ્રેરણાસ્પદ જીવનવિષયક ચલચિત્રો બતાવાય છે. એ રીતે આ બેઠક વિવિધતમ રસથી ભરપૂર અને નવીનતાસભર હોય છે. એ ઉપરાંત ''સ્વર્ગારોહણ''ના ઈતિહાસમાં અત્યાર સુધી કેટકેટલા ભવ્ય કાર્યક્રમો યોજાયા હશે તેનું સરવૈયું કાઢવાની શક્તિ તો મારામાં નથી. છતાં થોડો વિચાર કરીએ તો;

- યોગાસનોની સ્પર્ધા, (લગભગ ૩ કે ૪ વાર થઈ)
- બ્રાહ્મણ બાળકો માટે સમૂહજનોઈનો કાર્યક્રમ યોજાયો. (એ પણ લગભગ ૩ કે ૪ વાર થયો)



- વિશેષ વ્યક્તિ કે કલાકારોની કલાનું દર્શન કરાવતા સંગીતના પ્રોગ્રામો થયા.
- ગુજરાત રાજ્યના ઝળહળતા વિદ્યાર્થીઓને ''યોગજ્યોતગૌરવ''ના પરિતોષિકથી સન્માન્યા.
- દર વર્ષે 'સ્વર્ગારોહણ'ના તેજસ્વી વિદ્યાર્થીઓને પણ 'યોગજ્યોતગૌરવ' થી વધાવાય છે.
- અનેક જાતના અગણિત સત્કર્મો. (જીવન જરૂરિયાતની સામગ્રીના)
- મોતિયાના ઓપરેશન (૩ થી ૪ વાર)
- જયપુર ફૂટકેમ્પ. (૨ થી ૩ વાર)
- સર્વરોગનિદાનકેમ્પ (લગભગ ૧૦ થી ૧૨ વખત)
- ભાદરવી પૂનમે છાસવિતરણ ને અન્ય સેવાઓ.
- નાનાં બાળકો માટે ફૂલવાડીઓના કાર્યક્રમો.
- યુવાનો માટે રાસ ગરબાની રમઝટ ને ક્રિકેટમેચનું આયોજન.
- ભારતના બધા જ તહેવારો ને ઉત્સવોની ઉજવણી.
- સાત દિવસ માટે હરિરસની હેલીના પર્વનું આયોજન.
- બહેનોની સાયકલયાત્રા.
- ભાઈઓની પદયાત્રા.
- ''પ્રકાશના પંથે'' ગ્રંથનું પ્રકાશન પર્વ. (૨૪ વિદ્વાન વક્તાઓનાં પ્રવચન)

'અધધધ....."મા" તમે કેટકેટલું કર્યું છે, અમારા માટે..!!!' આ "સ્વર્ગારોહણ"ના ઉત્કર્ષ માટે, એ વિચારમાત્રથી જ ગદ્‌ગદ થઈ જવાય છે.

"સ્વર્ગારોહણ"ના તો અનેક પ્રસંગો સ્મરણપટ પર સંગ્રહાયેલા છે. પણ એક પ્રસંગ મારા મનમાં અંકિત થયેલો અચૂકપણે ક્યારેક યાદ આવી જાય.

ભાઈઓની પદયાત્રાની પરિસમાપ્તિ વખતે દ્વાર પર તિલક અને ફૂલહારથી એમનું સ્વાગત થઈ રહ્યું હતું. અને અંદરથી જોરજોરથી પ્રચંડ ધ્વનિ સાથે ઘંટારવ સંભળાતો હતો. ભાઈઓ જેવા અંદર ગયા તો અચરજ સાથે જોયું તો "મા" સ્વયં જગદંબાસ્વરૂપે અપૂર્વ શક્તિનું દર્શન કરાવી રહ્યા હતા. એમની આંખોમાં જુસ્સાનું તેજ ઝબકી રહ્યું હતું. ઘંટારવ કરી રહેલાં પૂ."મા"ના આ દર્શનનું દૃશ્ય અજોડ ને બેનમૂન હતું. જાણે વિજયશંખ ફૂંકાતો હોય એ રીતે આ વિજય ઘંટનાદ થઈ રહ્યો હતો. પાષાણહૃદયીનું હૃદય પણ દ્રવી જાય એવું એ દૃશ્ય હતું. પદયાત્રી ભાઈઓમાંથી ભાગ્યે જ કોઈની આંખ ભીની નહીં થઈ હોય. આંખમાં અશ્રુ સાથે સૌ કોઈ એ ધન્યક્ષણને નિહાળી રહ્યા હતા.

મનમાં એક પ્રશ્ન ઉદ્‌ભવે કે, શું એ ઘંટારવ પદયાત્રીઓની સફળતાનો સૂચક હતો?...ના...એ તો જાણે 'ઘોષણાનાદ' હતો...કે..."આવી અનેક સાહસિક યાત્રાઓથી,...તમારા સુગંધિત જીવનથી,...પ્રભુ પ્રત્યેની શ્રદ્ધાથી...આ ભૂમિને દીપાવો, એને જગમંચના ફલક ઉપર પ્રસ્થાપિત કરો."

'"સ્વર્ગારોહણ" તીર્થભૂમિને જગમંચે પ્રગટાવીશું...'

આમ તો "સ્વર્ગારોહણ"ની કોઈ વાત કે વસ્તુ આપણને ના



ગમે એવું ના હોય એ સ્વાભાવિક છે. પરંતુ અમુક ઘટના કે વાત કેટલીક વાર ખૂબ પ્રિય લાગે. મનને સ્પર્શી જાય. મને પણ "સ્વર્ગારોહણ"ની એક વસ્તુ ખૂબ ગમે છે. અને એ છે,...મધ્યમરાત્રિએ અચાનક ઘંટનાદ કે મંત્રગાન સાથે surprise બેઠકની ઘોષણા..."એક રાત હરિ કે નામ"..ના શીર્ષક હેઠળ સત્સંગ !

સંસારના પરિતાપથી ત્રસ્ત,...માનસિક વિટંબણાને લીધે,...આર્થિક ને સામાજિક મુશ્કેલીઓને લીધે...તો રોગની પીડાને લઈને ન જાણે કંઈ કેટલીયે રાતો આપણે બગાડી હશે...તો ચાલો,...એ બધું ભૂલી જઈને, કહો કે,...યાદ કરી ને. એક રાત પ્રભુને નામે સુધારી લઈએ. "એક રાત હરિ કે નામ"... આ ફક્ત ને ફક્ત "સ્વર્ગારોહણ"માં જ શક્ય બની શકે...

કેટલાક બડભાગી જીવો નસકોરાંના મનોરમ્ય સંગીતને છોડીને અર્ધજાગૃતિની દશામાંથી સંપૂર્ણ જાગૃતિમાં પ્રતિષ્ઠિત થવાના પ્રયત્ન સાથે હાજર થાય છે...તો કેટલાકને વળી ઢોલ નગારાંનો બુલંદ ધ્વનિ પણ વિચલિત કરી શકતો નથી...જન્મો જન્મથી પડેલા નિદ્રાના સંસ્કારો એમ જલદી પીછો છોડતા નથી..પૂ."મા" કહે છે તેમ, "જે જાગે તે પામે"...અને મધ્યરાત્રિએ બેઠક પ્રારંભ થાય છે. આમાં સ્થળની પસંદગી ગૌણ હોય છે. ક્યારેક ઓટલા પર તો ક્યારેક કુટિયાના પ્રાંગણમાં તો વળી ક્યારેક પ્રભુના મુખ્ય સ્વરૂપ સમક્ષ...પણ મહત્ત્વની વાત એ છે કે, પૂ."મા" આવી બેઠકમાં ખૂબ આત્મીય સ્વજન જેવા લાગે...જાણે ચુનંદા પસંદગીનાં પાત્રો વચ્ચે "મા" જગદંબા પોતાના ઐશ્વર્યના ખજાનાને ખુલ્લો મૂકે છે. પોતે માણેલી પ્રભુની દિવ્ય અનુભૂતિની વાત કરતાં હોય, તો વળી પૂ."મા"ની

સન્નિધિનો લાભ પામેલી બહેનો, પૂ.''મા''ની લૌકિક લીલાનાં અદ્‌ભુત રહસ્યોને રમૂજ દ્વારા પીરસતી હોય...મંદ મંદ વાતા પવન સાથે રાતરાણીની ફોરમ પ્રસરતી હોય ને...પૂ.''મા''ની 'મહામૂલી મહેફિલ' સોળે કળાએ ખીલેલી હોય...ત્યારે હૃદયથી સમયને થંભી જવાનું આહ્‌વાન થયા કરે છે...આ રાત્રિની સવાર કદી ના પડે...પરંતુ આપણા સૌની શારીરિક મર્યાદાને ધ્યાનમાં રાખી પૂ.''મા'' અમૂલખ પ્રસાદને અંતે બેઠકની પૂર્ણાહુતિ કરે છે. હવે બાકી રહેલા બે ચાર કલાકની નિદ્રાની પરવશતામાંથી મનને મુક્ત કરીને રાત્રિની આ નીરવ શાંતિમાં કુટિયામાં જઈને બેસવાનું મન થાય..કોઈ આત્મીય સ્વજન સાથે પૂ.''મા''ની લૌકિક લીલાની વાતોથી હૃદયને હળવું કરવાનું ગમે..સત્સંગમાં થયેલી અમૂલ્ય વાતોને સ્મરણપટ પર સંઘરીને વારંવાર વાગોળવાનું મન થાય..એવી રીતે આવી બેઠક મારે માટે અતિ પ્રિય બની રહેતી, બની રહે છે.

કોઈપણ ઘટના કે સામાન્ય પ્રસંગને પણ પ્રેમરસથી ભરી દેવાની અપૂર્વ શક્તિ પૂ.''મા''માં રહેલી છે. સૌના અંતર અહીં પ્રેમથી દ્રવી જતાં, પ્રેમભક્તિનો અપૂર્વ રસ અહીં લૂંટાતો હોય છે પૂ.''મા''નું નિર્દોષ મુક્ત હાસ્ય સૌ કોઈને પોતાનું દુઃખ ભૂલાવી દેતું. સંસારના તાપ ઓછા કરવાની શક્તિ ધરાવે છે. પરાજયને જયમાં ફેરવી નાંખવાની, નિરાશાને આશાની સંજીવની બનાવવાની એમાં સિફત છે. ને તે સાથેસાથે અનેક અવનવી ઘટનાઓ દ્વારા આપણા સૌના માનસભવનને દયા, સત્ય, સરળતા, પ્રેમ ને સંયમની શણગારવાનું કામ પણ પૂ.''મા'' કર્યા કરે છે.

''સ્વર્ગારોહણ''માં આવતા સાધકો એક સારા સાધકની સાથે



સાથે એક શિસ્તબદ્ધ માનવીય સદ્‌ગુણોથી સંપન્ન બને તે માટે પણ પૂ.''મા'' ક્યારેક જરૂરી મીઠી ટકોર કરીને તો ક્યારેક વઢથી પણ સૌને સચેત કરતાં રહે છે. પૂ.શ્રી''મા''ની ઉપસ્થિતિમાં ''સ્વર્ગારોહણ''ની વિદાય વસમી લાગે એ સ્વાભાવિક છે. આપણા પરિવારની કેટલીક યુવાન દીકરીઓને લગ્નજીવનની બંધનયુક્ત બેડીઓને લીધે પહેલાં જેટલો ''સ્વર્ગારોહણ''માં આવવાનો અવકાશ નથી મળતો. અને આપણા વિદેશમાં વસતા ભક્તો પણ ઈચ્છા હોવા છતાં અનુકૂળતાના અભાવે આવી શકતા નથી, ત્યારે કોઈવાર એ પોતાના પૂ.''મા''ની સંનિધિમાં વિતાવેલા અમૂલ્ય દિવસો યાદ કરી મનઅંતરના આર્તનાદ સાથે ગાઈ ઊઠે છે.

**૫૬-૫ :** '''સ્વર્ગારોહણ'' મને સાંભરે રે લોલ...'

સાચું કહું તો, 'પૂ.''મા'' વગરનું ''સ્વર્ગારોહણ'' એટલે જ્યોત વગરના દિવા' જેવી વાત, આજના યુગની પરિભાષામાં કહું તો, 'નૅટવર્ક વગરના મોબાઈલ' જેવું. પૂ.''મા''ની અનુપસ્થિતિમાં અહીં નિર્જનતા પોતાનું સ્થાન જમાવે છે. પરંતુ એ દિવસ હવે દૂર નહીં હોય, કે આ ''સ્વર્ગારોહણ'' કાયમ માટે અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમતું રહેશે. એવો મારો વિશ્વાસ છે.

**૫૬-૬ :** 'સાદ સુણી ને સ્વર્ગારોહણ સૌ કોઈ દોડી આવો...'

સ્વર્ગારોહણની વાત થતી હોય ત્યારે આપણે શ્રી શાંતિકાકાના મહત્ત્વના ફાળાને તો કેવી રીતે ભૂલી શકીએ ? સ્વર્ગારોહણના નિર્માણના ઈતિહાસમાં એમના પરિવારજનોના યોગદાનને કદાપી વિસારી નહીં શકાય. સૌ કોઈ એ વાતને યાદ રાખે એટલા માટે તો પૂ.શ્રી''મા''એ 'યોગશૈવલ્યમ'ની બહાર એમના ફોટા મુકાવ્યા છે. એમના સહકારના પ્રતીક સમી 'તીર્થસંગિની' પણ

આપણે સૌ જોઈ શકીએ છીએ. દક્ષિણભારતની એ ઐતિહાસિક યાત્રાની સ્મૃતિરૂપે એ ગાડી પણ દર્શનીય બની ! પ્રભુએ ઉપયોગમાં લીધેલી દરેક વસ્તુ આપણા સૌ માટે મહત્ત્વની સ્મૃતિના પ્રતીક સમી ગણી શકાય; જેના માટે શ્રી મા જગદંબાએ સ્વયં પ્રભુને આદેશ આપતાં ''ઘરની ગાડી''માં યાત્રા કરવાની છે એવો ઉલ્લેખ કર્યો હતો. શ્રી શાંતિકાકાની શ્રદ્ધા પણ અદ્ભુત છે. 'શાંતિકુલમ'ની આવડી મોટી ભૂમિ ''સ્વર્ગારોહણ''ના નામે પૂ.શ્રી''મા''નાં શ્રી ચરણોમાં ધરી દીધી ! છતાં એમની નમ્રતા અને સાદાઈ ઊડીને આંખે વળગે એવી છે. અમ સૌ પણ શાંતિકાકાની દૃષ્ટિથી ''સ્વર્ગારોહણ''ને મૂલવતાં શીખીએ. અને સ્વર્ગારોહણ માટે કંઈક કરી શકીએ એ જ પ્રાર્થના...

**કુટિયા :—**

''સ્વર્ગારોહણ''ની કુટિયા એટલે પંચદેવોનું વિશ્રામસ્થાન અરે...વિશ્રામ તો ફક્ત સ્વરૂપરૂપે દર્શન ધરવા માટે જ, બાકી તો સૂક્ષ્મદેહે સદા આપણી પ્રાર્થનાપૂર્તિ માટે કાર્યરત જ હોય ને...

કુટિયા એટલે આપણા જીવનમાં જાણેઅજાણે થતી નાનીમોટી ભૂલોની ક્ષમા માંગી હૃદયનો બોજો ઉતારી મનને હળવું કરવાનું ઉત્તમ સ્થળ.

**પદ-૭ :** 'સ્વીકારી વંદન આશિષ અમને આપજો...'

કુટિયામાં બિરાજેલા ''મા-પ્રભુ'' પ્રત્યક્ષ બની આપણા મનની બધી વાત સાંભળે છે. એવી અનેક અનુભૂતિ ઘણા ભક્તોને અવારનવાર થાય છે. અને જો કોઈને ના થઈ હોય તો શ્રદ્ધા થકી એકવાર પ્રયત્ન કરી જોજો.

૧૯૮૫માં જ્યારે ''સ્વર્ગારોહણ''ના સંકુલનું બાંધકામ થતું હતું. ત્યારે ''પ્રભુ''ના સ્વરૂપને છત્ર ધરવાના ઉદ્દેશથી ''મા'' એ



જાતે થોડા ભક્તો સાથે મળીને ખજૂરીના પાનની મદદથી એક કાચી કુટિયાનું નિર્માણ કર્યું. અને એ સ્વરૂપને પ્રત્યક્ષ માની પૂ.''મા''એ અનેક પાઠ-પારાયણો, જપ-તપ, પ્રાર્થના કર્યા એટલે આ કુટિયાના મૂળમાં પૂ.''મા''ની આવી દિવ્ય સાધના રહેલી છે. પૂ.''મા''ના આવા તપોબળથી આ ધરા પાવન બની છે. અને આજે એક સિદ્ધ અને મહાન તીર્થ તરીકે પ્રસિદ્ધિ પામી રહી છે. અરે...કુટિયાના દૂરથી પણ દર્શન થાય એ માટે તો પૂ.''મા''એ આવાસની રચના પણ બદલી નાખી.

**સરોડા તીર્થ :—** આપણે આગળ કહી ગયા તેમ ''પ્રભુ'' કોઈ સામાન્ય સંત કે મહાપુરુષ ન હતા. એ તો સ્વયં ઈશ્વર, માનવદેહે અવતરેલા અવતારી મહાપુરુષ હતા. એટલે એમનું પ્રાગટ્યસ્થળ પણ સામાન્ય તો કેવી રીતે હોઈ શકે ? આપણા સૌ માટે એ એક મહાન તીર્થ સમુ ગણાય ત્યાંની પવિત્ર રજ પણ આપણા સૌ માટે પૂજનીય સામગ્રીસમી ગણાય.

**પદ-૮ :** 'સરોડા ધામની પાવન ધરાને વંદન...'

પરંતુ વિધિવશાત્ એ આપણા ટ્રસ્ટને હસ્તગત ન હોવાથી પૂ.''મા''એ ''સ્વર્ગારોહણ''માં જ એના નિર્માણની યોજના બનાવી, એનું મહત્ત્વ ભક્તોને સમજાવ્યું. ગંગાજળના છંટકાવ ને સરોડાતીર્થની પવિત્ર રજને તાંબાનાં અનેક કળશોમાં ભક્તો દ્વારા એના પાયામાં પધરાવવામાં આવી. અને આબેહૂબ સરોડાના ઘર જેવી જ નાની પ્રતિકૃતિ તૈયાર કરી છે. સાચે જ, 'સ્વર્ગારોહણ એટલે પ્રભુની સૂક્ષ્મ હાજરીથી દિવ્ય અનુભૂતિ માણી, જીવને શિવ સાથે જોડવા માટેનો સેતુ.'

**—રાજીવ જાની**

## ॥ 'અધ્યાત્મ'ની શહીદવંદના ॥

**॥ શુદ્ધિને કહો ચઢાવે બાણ ! હવે તો અશુદ્ધિનિકંદન એ જ કલ્યાણ ॥**

જમ્મુ-કાશ્મીરના પુલાવામામાં આપણા દેશની રક્ષા કરનાર સીઆરપીએફના કાફલા પર આતંકી હુમલાથી દેશભરમાં આક્રોશ ફેલાયો છે. રાષ્ટ્ર માટે શહાદત વહોરનાર ૪૦ વીર જવાનો પરના અમાનવીય આક્રમણથી પ્રત્યેક દેશવાસી જ નહીં, સમગ્ર વિશ્વ વ્યથિત છે.

ભારતની ૧૩૦ કરોડ જનતા સાથે સહસંવેદન અનુભવતા આપણે પણ આ 'સમર્પિત શહીદો' સામે શિર ઝુકાવી, એમના આત્માના કલ્યાણ માટે આર્તહૃદયે પ્રભુને પ્રાર્થીએ છીએ. 'માભોમના સપૂતો'ની કપરી-કાયમી વિદાયથી એમનાં સ્વજનો કેવી દારુણ વેદના અનુભવતાં હશે એની કલ્પના પણ આપણને હચમચાવી નાખે છે. આપણે સૌ તન-મન-ધનથી યત્કિંચિત્ પણ એમની પીડાના ભારને હળવો કરવા સહજ પ્રયત્ન કરીશું જ. પણ સાથે-સાથે માનવજાતના આ કરુણ અભિશાપને હટાવવા પરમાત્માને પ્રાર્થના કરીશું કે; 'હે પ્રભુ ! આ ધરતીના ગોળા ઉપર વસતા માનવકુટુંબ ઉપર, એમના જીવનની ક્ષિતિજો ઉપર તિરસ્કાર, કડવાશ અને હિંસાનું વાવાઝોડું ઝીંકાઈ રહ્યું છે. આવામાં તારા વિના માનવને પ્રેમનો માર્ગ કોણ બતાવશે ?

'આતંકી' એટલે કેળવાયેલા ઊર્મિતંત્ર વિનાનો માણસ. જે સૌથી ભયંકર છે. એટલે એની સામે પ્રવાહપ્રાપ્ત કર્મ તરીકે યુદ્ધ તો લડવું જ પડશે. પણ નવી લડાઈનાં બીજ ન રોપાય, એ તો



તું જ જોજે. યુદ્ધમાં અડગતા, વિજયમાં ઉદારતા, શાંતિમાં શુભેચ્છા અનિવાર્ય. પરંતુ જીતનો નશો ન ચડે, હારથી મનોદૌબર્લ્ય ન આવે એનું 'ઔષધ' તો તું જ આપી શકશે.

જગતમાં વ્યાપ્ત તમામ અશુદ્ધિઓને શુદ્ધ કરવા, અમારા 'જીવનને શુદ્ધ આહુતિરૂપે ધરવા' અમને બળ તું જ આપજે.'

તા.ક. તા.૧૪ ફેબ્રુઆરીને સાંજે પુલાવામામાં ઘટેલી દુર્ઘટના અત્યંત કરુણ એટલા માટે છે કે, જે વીરોને સામી છાતીએ ઘા ઝીલી, મૃત્યુને વધાવી લઈ, 'માતૃભૂમિના લલાટે ગૌરવતિલક હોવાનું સૌભાગ્ય' ધારવું હતું; એમને પીઠ પાછળ કાયરતાભરી હરકતથી મોતને ઘાટ ઉતારી 'દાહભરી માતૃભૂમિના નેત્રોનાં ઉષ્ણ અશ્રુ બનવાનું કરુણ દુર્ભાગ્ય' ધરી દેવામાં આવ્યું. એમના જીવનસ્વપ્નને તો રોળી નાંખવામાં આવ્યું પણ એમના મૃત્યુને પણ જાણે નિરર્થક બનાવી દેવામાં આવ્યું. અનિષ્ટ તત્ત્વોનો આ અપરાધ અક્ષમ્ય છે.

છતાં શહીદોનો સાચો મહિમા તેમજ ગૌરવ અકબંધ રાખતા શબ્દોને આપણે મસ્તકે ધરી આશ્વસ્ત થઈએ :

'Soldiers seem to carry their lives in their Hands. In true sense they carry 'the Grace of God' in their Hearts.'

જે 'ઈશ્વરના લાડકવાયા' છે તેમને કાળ શું કરી શકવાનો ?